# સહજ-સત્સંગ

Year : 3 Issue : 33 Dt. 01-10-2015 Page - 52 માસિક



વંદનમ્



# મા મીરાંબિકા

The deal attitude is to belong to the Divine,
to work only for the Divine and above
all to expect only Divine strength, peace and
satisfaction from the Divine.
(Rays of light - P.13)

- The Mother

## સાધકનું સાચું વલણ

સાચું વલણ સાધક તણું, પ્રભુનો બની રહે,
પ્રભુ માટે જ કામ કરે, ને પ્રભુ પાસેથી અપેક્ષા ન ધરે,
દિવ્યશક્તિ, દિવ્યશાંતિને, દિવ્યસંતોષ તું દે,
એજ મારી પ્રભુ પ્રાર્થના, પણ તારો નિર્ણય જ માન્ય મને.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# પ્રભુનો આદેશ શિરોમાન્ય

(તા.૦૭.૦૩.૧૯૧૫ પૃ.૨૧૬)



મનની મધુર નિરવતાનો એ સમય વીતી ગયો છે..... તેમાં એક ગહન સંકલ્પ શક્તિ પોતાને સર્વશક્તિમાન સત્ય રૂપે પ્રગટ કરતી અનુભવી શકાતી હતી. હવે એ સંકલ્પશક્તિ દેખાતી નથી...... ફરી પાછું અનિવાર્ય પણે સક્રિયમન..... અભિપ્રાયો બાંધે છે..... હરેક પ્રકારનાં આધ્યાત્મિક સુખમાંથી મને જાણે કે દેશવટો મળી ગયો છે..... તારી સૌ કસોટીઓમાં આ..... કપરામાં કપરી છે..... તે મને તરછોડી દીધી છે એવું ભાન વધુને વધુ તીવ્ર બનતું જાય છે.

આ બાહ્ય ચેતના..... પોતાનાં અલ્પ પ્રકાશમાં એકલી છાનીછાની મથી રહી છે..... આ બાહ્ય ચેતનામાંથી જ પૂરેપરું બહાર ચાલ્યું જવાય..... અને દિવ્ય-ચેતનામાં જઈને બેસી જવાય તો કેવું સારું ! પણ એની તો તેં મનાઈ કરેલી છે..... મારા માટે તારી જે કાંઈ ઈચ્છા હશે તે જ મારી ઈચ્છા હશે..... હે પ્રભુ, તારો નિર્ણય હું અચલ અને તીવ્ર પ્રેમથી આવકારી લઈશ..... એ કરણ હવે તારું છે..... એની પોતાની માલિકી ચાલી ગઈ છે. તું એને ભાંગી નાખી શકે છે, યા તો મહાન બનાવી શકે છે..... તારા વિના એ હવે કાંઈ કરી શકે તેમ નથી.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** | |
| (પ્રભુનો આદેશ શિરોમાન્ય) | ૩ | (કેન્દ્રોની ચેતનાની મુક્તિ અને પૂર્ણતા) | ૨૯ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો** | |
| **દિવ્યજીવન** (વિશ્વસર્જનનો હેતુ) | ૮ | (પાર્થિવ-રૂપાંતરની શક્યતા અને શરતો) | ૩૨ |
| **માતૃવાણી** | | **વેદવિજ્ઞાન** (સપ્તર્ષિ અને ઋષિકુળ) | ૩૬ |
| (સાધકોની સમસ્યાઓ - ૨) | ૧૦ | **ધ મધર્સ એજન્ડા** (સમગ્ર સત્ય) | ૩૮ |
| **સાવિત્રી** (અચિતનું રૂપાંતર) | ૧૪ | **યોગનાં મૂળતત્ત્વો** (કેટલાક સ્પટીકરણો) | ૪૦ |
| **યોગ વિષે પત્રો** (અવચેતનની કાર્યપદ્ધતિ) | ૧૮ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| **ઉપનિષદો** (મૂળ - સંજ્ઞાનનું સ્વરૂપ) | ૨૦ | (સૃષ્ટિનું ભ્રામક સ્વરૂપ (૧૦૮-૧૦૯) | ૪૪ |
| **વેદ-રહસ્ય** (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૩ | **જાતક કથાઓ** (સમય સુચક બકરી) | ૪૬ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** | | **શ્રી અરવિન્દ આશ્રમ - તીર્થધામ** | ૪૮ |
| (શ્રી અરવિન્દનાં પ્રકાશ અને દર્શન) | ૨૭ | કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૩૩ વર્ષ : ૩**
**ઓક્ટોબર - ૨૦૧૫**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ, **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે. (આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# પ્રભુનો આદેશ શિરોમાન્ય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી જણાવે છે કે પેલી અસીમ સાક્ષી ચેતનામાં ડૂબી જઈને પરમાનંદમાં રહેવાનો તબક્કો હવે પૂરો થયો છે. તેમાં પ્રભુની સંકલ્પશક્તિ પોતાનાં પરમ-સત્ય સાથે પ્રગટ જ હતી. હવે તે સત્યની હાજરી, સંકલ્પની હાજરી અને સામર્થ્ય દેખાતું નથી. મન સક્રિય બની ગયું છે. ભૌતિક જીવનમાં પ્રવેશીને અભિપ્રાયો બાંધી રહ્યું છે. માતાજીને લાગે છે કે તેમને આધ્યાત્મિક સુખમાંથી જાણે હદપાર કરી દીધાં છે.

પ્રભુની અનેક કસોટીઓ પૈકી આ કસોટી સહુથી કપરી લાગે છે કારણ તેમાં આનંદ તદ્દન ગરેહાજર જ હોય છે. માતાજીને પોતે તરછોડાયેલાં છે એવું તીવ્ર ભાન થાય છે.

બાહ્ય - ચેતના પોતાને ગોઠવવાની પોતાની અલ્પશક્તિ મુજબ ગૂપચૂપ પ્રયત્ન કરી રહી છે. પણ હજી પૂરેપૂરી યશસ્વી થઈ નથી.

માતાજીને વારંવાર ઈચ્છા થાય છે કે આ બાહ્ય ચેતનામાંથી નીકળીને ફરી પેલી આધ્યાત્મિક ચેતનામાં જઈને છૂપાઈ જવું, પણ પ્રભુની સંમતિ નથી.

માતાજી જણાવે છે કે તેઓ પ્રભુની ઈચ્છા મુજબ જ જીવવા માંગે છે. તેની વિરુદ્ધ તેમની કોઈ માંગણી નહિ હોય. તેઓ પ્રભુના દરેક આદેશને માન્ય રાખે છે.

માતાજીનો ભાવ એવો છે કે આ શરીરરૂપી કરણ પ્રભુનું છે. તેમનો પોતાનો તેની ઉપર મુદ્દલે હક્ક નથી. તેને ભાંગી નાખવું કે ઉપયોગમાં લેવું તે સર્વ પ્રભુને આધીન છે. પ્રભુ વિના તે જીવી શકે તેમજ નથી.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

પ્રાર્થના સાથે જરૂર છે, તન્મયતાની :

પ્રભુને પ્રાર્થના કરતી વખતે સમગ્ર અસ્તિત્ત્વએ પ્રાર્થનામય બની રહેવું જોઈએ. તો જ અંતરમાંથી ઊઠતી પ્રાર્થનાની આ અગ્નિ શિખા સીધી પ્રભુ સુધી પહોંચે છે. પણ માત્ર હોઠ ફફડતા હોય અને ચિત્ત બીજે ભટકતું હોય તો એ પ્રાર્થનામાં શક્તિ હોતી નથી. એવી પ્રાર્થના માત્ર બાહ્ય ટેવ જેવી બની રહે છે. એની દ્વારા પરિવર્તન થતું નથી. અન્ય વસ્તુ ટેપ કરતું ટેપરેકોર્ડર પોતે બીજો અવાજ ઝીલી શકતું નથી. એવું જ મનનું છે. જો મનમાં બીજા અનેક વ્યાપારો ચાલતા હોય અને પ્રાર્થના મુખ દ્વારા ઉચ્ચારાતી હોય તો એવી પ્રાર્થના ટેપરેકોર્ડરમાં વાગતી પ્રાર્થના જેવી જ બની જાય છે. ગુરુ નાનકના જીવનની એક ઘટના છે. તેઓ શ્રીમંત જમીનદારને ત્યાં મહેમાન રૂપે ગયા હતાં. એ જમીનદારનો નિયમ હતો કે દરરોજ મંદિરમાં જઈને પ્રાર્થના કરવી. તે દિવસે તેઓ નાનકને પણ પોતાની સાથે પ્રાર્થના કરવા લઈ ગયા. પ્રાર્થના શરૂ થઈ. જમીનદાર તો અક્કડ થઈ. આંખ બંધ કરીને હાથ જોડીને બેઠો. પણ નાનક તો આરામથી બેસી રહ્યા અને તેમણે ન હાથ જોડ્યા કે ન તો આંખો બંધ કરી. જ્યારે પ્રાર્થના પૂરી થઈ ત્યારે એણે નાનક સાહેબને કહ્યું, 'અરે, તમે એકાગ્ર થઈને પ્રાર્થના ન કરી.'' ''આવી રીતે એમ જ બેસી રહ્યાં ?'' ત્યારે નાનક સાહેબે કહ્યું : ''હું તો પ્રાર્થનામય જ હતો. પણ તારું ચિત્ત પેલા અરબી ઘોડા ખરીદવા માટે સૌદાગર સાથે કેવી રીતે વાત કરવી એની યોજના ઘડતું હતું !'' આ સાંભળીને જમીનદાર સ્તબ્ધ થઈ ગયો ! કેમ કે નાનકસાહેબની વાત સંપૂર્ણ સાચી હતી. બાહ્ય દેખાવ પ્રાર્થનાનો હોય પણ મન ઘોડા ખરીદતું હોય તો એ પ્રાર્થનાની અસર

ક્યાંથી થાય ? આવો જ પ્રસંગ શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવનાં જીવનમાં પણ બન્યો હતો. તેઓ દક્ષિણેશ્વરના કાલી મંદિરના પૂજારી હતા. મંદિરની માલિકણ રાણી રાસમણિ એક દિવસ મા કાલીની પૂજા કરવા મંદિરમાં આવી. તેણે પૂજા કર્યા પછી આ નાના પૂજારીને સ્તુતિ સંભળાવવા કહ્યું રામકૃષ્ણ તો મા કાલીની સ્તુતિમાં તન્મય બની ગયા અને રાણી આમ તો મા કાલીની સ્તુતિ સાંભળતી દેખાતી હતી. પણ એકાએક રામકૃષ્ણે તેને તમાચો મારીને કહ્યું, ''અહીં પણ કોર્ટનો મુકદમો ?'' રાણી ચોંકી ગઈ, કેમ કે તે સમયે એક જમીનદારનો કોર્ટમાં કેસ ચાલતો હતો, તેનાં વિચારો રાણી કરી રહી હતી ! તેનું ચિત્ત સ્તુતિમાં નહીં પણ કોર્ટના કેસમાં ભમતું હતું. રામકૃષ્ણની તો ઘણી ઊંચી ભૂમિકા હતી. રાણીનાં મનોવ્યાપારો તેઓ જાણી ગયા અને તેનાં મનને સ્થિર કરવાં તમાચો લગાવી દીધો. પ્રાર્થના એ કંઈ બાહ્ય દેખાવ માટે નથી. પરંતુ તે આંતરિક છે. વ્યક્તિ અને ભગવાન એ બેની વચ્ચેની જ વાત છે. એમાં કોઈ મધ્યસ્થી નથી. આથી જેટલી એકાગ્રતા, તન્મયતા વધારે, તેટલો પ્રાર્થનાનો પ્રભાવ વધારે. આથી જ પ્રાર્થના પૂરા ભાવથી, સંપૂર્ણ એકાગ્રતાથી, ભગવાન સન્મુખ છે, અને બધું જ સાંભળી રહ્યાં છે, એવી પૂર્ણ શ્રદ્ધાથી કરવી જોઈએ. આવી પ્રાર્થનાનું પરીણામ અવશ્ય મળે છે જ. સૌ પ્રથમ તો મન શાંત થઈ જાય છે. શાંત મનથી વિચાર કરતાં એવું જણાય છે કે પરિસ્થિતિ જેટલી ધારીએ છીએ તેટલી વિકટ નથી અને વ્યક્તિને પોતાની અંદરથી જ હિમ્મત અને શક્તિ મળે છે. ઉપરાંત સહજ રીતે જ તેને એવા મનુષ્યોનો સંપર્ક થઈ જાય છે કે તેઓ તેને મદદ કરે છે અને આમ તેના વિકટ સંજોગો બદલાઈ જાય છે. શ્રી માતાજી કહે છે કે, ''એ કદી ન ભૂલશો કે તમે એકલા નથી. પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરે છે, માર્ગદર્શન આપે છે. એ એક એવો સાથી છે કે કદી દગો દેતો નથી, એવો મિત્ર છે, જેનો પ્રેમ આશ્વાસન આપે છે અને બળ પ્રેરે છે. જ્યારે જ્યારે તમને એવું લાગે કે તમે એકલા છો, ત્યારે ત્યારે તમે તેની પ્રકાશમાન હાજરીની અનુભૂતિ કરવા વધારે તૈયાર બનો છો. શ્રદ્ધા રાખો, તેઓ તમારા માટે બધું જ કરી આપશે.''

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણે જગતને જડ, પ્રાણીસૃષ્ટિ અને માનવસૃષ્ટિ એમ ત્રણ ભાગમાં વિભાગીએ છીએ એ તો આપણી સમજણ માટે. ખરેખર આ ત્રણે ભેદ ઉપરછલ્લાં અને ભ્રામક છે. મૂળ તો આ પરમ-ચેતનાનાં જ આવિર્ભાવના જ ત્રણ તબક્કાઓ માત્ર છે. પરમ ચેતના ક્રમશઃ કેવી રીતે પોતાને વિવિધરૂપે પ્રકટ કરે છે તેનાં જ આ તબક્કા છે. પરમ ચેતનાને આપણે જો નિરાકાર ગણીએ તો આ ત્રણ તબક્કા સ્વરૂપ સૃષ્ટિ એક આભાસ બની જાય છે. આભાસને જ ''માયા'' કહેવામાં આવે છે. વેદોમાં એકતામાંથી વિવિધતા નિર્માણ કરતી શક્તિને માયા કહે છે. જે શક્તિ એ જ માયા છે. જે અજ્ઞેય છે, જે આકલન કરવું શક્ય નથી એવા અનિર્વચનીય આત્મતત્ત્વને આકલન કરવાની, જાણવાની સીમામાં લઈ આવનાર શક્તિ એટલે માયા.

તે બાદ માયાનો અર્થ મોહિનશક્તિ એમ લેવામાં આવ્યો કારણ આત્મતત્ત્વ પોતે વિવિધ સ્વરૂપો ધારણ કરે છે ત્યારે પોતાનાં મૂળ સ્વરૂપને ભૂલી જાય છે. આ ભૂલવાની શક્તિને જ મોહિની શક્તિ કહેવામાં આવે છે. જે શક્તિ આત્મતત્ત્વને વિસ્મૃતિમાં નાંખી દે છે તે મોહિની શક્તિ છે. આ મોહિનીશક્તિ બે તબક્કે કામ કરે છે.

(૧) તે આત્મતત્ત્વની પોતાનાં મૂળ સ્વરૂપની સ્મૃતિ લુપ્ત કરે છે. આત્મતત્ત્વ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. આને આવરણ શક્તિ પણ કહે છે. આવરણ એટલે પડદો. જાણે આત્મા ઉપર પોતાના સ્વરૂપની વિસ્મૃતિનો

પડદો નાંખી દેવામાં આવે છે.

(૨) આત્મતત્ત્વ પોતાનાં મૂળસ્વરૂપને ભૂલી ગયા બાદ પોતાના સ્વરૂપ બાબત ખોટાં ખ્યાલો બાંધે છે. આ ખોટા ખ્યાલો બાંધવાની પ્રક્રિયાને વિક્ષેપ શક્તિ કહેવામાં આવે છે. વિક્ષેપ કરવો એટલે વચમાં જ અવરોધ નિર્માણ કરવો. આત્મતત્ત્વનાં પોતાની બાબતનાં ખોટાં ખ્યાલો જ તેનાં મૂળ સ્વરૂપને ઓળખવામાં અવરોધો નિર્માણ કરે છે. તેથી તેને વિક્ષેપ શક્તિ કહેવામાં આવે છે.

પણ આ મોહિની શક્તિનું પરીણામ શાશ્વતકાળનું હોતું નથી. તે વ્યક્તિ આત્માનાં અમૂક સ્વરૂપને ઓળખતો થાય છે. ગીતામાં કહ્યું તેમ અવ્યક્ત આત્મતત્ત્વમાંથી વ્યક્ત આત્મતત્ત્વનું સ્વરૂપ પ્રકટ થાય છે અને ફરી અવ્યક્ત આત્મતત્ત્વમાં વિલીન થઈ જાય છે. વચલી અવસ્થામાં જ તે આકાર ધારણ કરીને વ્યક્ત થાય છે. (વ્યક્તમધ્યાનિ) આ ઘટના વારંવાર થતી હોય એવું વેદો જણાવે છે. વેદો જણાવે છે કે આ રીતે આત્મતત્ત્વ જે આકાર ધારણ કરવાં તૈયાર થયેલ હોય છે તે (ધાતા) પહેલાની જેમ જ (યથાપૂર્વમ્) પોતાનાં સ્વરૂપની વિવિધ સ્વરૂપોમાં કલ્પના કરે છે. (અકલ્પયત્) ‘ધાતા યથાપૂર્વમ્ અકલ્પયત્’ આ વાક્ય પ્રલયકાળ બાદની ફરી ફરીવાર નિર્માણ થતી સૃષ્ટિની વાત જણાવે છે અર્થાત્ આ સાકાર આત્મતત્ત્વની ઘટના શાશ્વત અને સનાતન સ્વરૂપની નથી. તે પરમપ્રભુની પોતાની રચનાં છે અને તે બ્રહ્મ ચેતનાનાં અવકાશમાં જ સર્જાયેલી ઘટના છે. આ જગતનું મૂળતત્ત્વ તો તે પેલું મૂળ વાસ્તવિક સત્ તત્ત્વ જ છે - બ્રહ્મ જ છે. ફક્ત તેણે ધારણ કરેલાં વિવિધ રૂપો એ નશ્વર છે. કાયમી નથી. તે પ્રભુનાં સર્જનો છે. પણ આવિર્ભાવ પામતા અને વિલીન થતાં એવાં અનિત્ય સર્જનો છે આ અનિત્યતાને લીધે આવા સર્જનોને માયા કહેવામાં આવે છે. એનો અર્થ એટલો જ છે કે જગત પરમાત્માનું મૂળ સત્યરૂપ નથી. બહુરૂપિયો વિવિધ રૂપો ધારણ કરે છે પણ તેનું મૂળ સ્વરૂપ અસ્સલ અને વાસ્તવિક રૂપ તો એક જ હોય છે બસ એવો જ આ પ્રકાર છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# સાધકોની સમસ્યાઓ - ૨

**(માતૃવાણી-૧૫ પૃ. ૩૨૨-૩૨૮)**

**(તા.૨૨ નવેમ્બર૧૯૫૮ - જાન્યુઆરી - ફેબ્રુઆરી ૧૯૬૦)**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### કર્મફળનો ભોગવટો

૧ પૂર્વકર્મો અથવા પ્રારબ્ધ એ પૂર્વજન્મોનું પરીણામ છે. તે ખર્ચી કાઢવા જોઈએ. તે માનવી-ચેતના ઉપર બોજારૂપ છે. પૃ.૩૨૨

૨ ચૈત્યપુરુષ અમૂક અનુભવમાંથી પસાર થવા માટે જન્મ ધારણ કરે છે. પૃ.૩૨૨

૩ ઘણી વખત તે અયોગ્ય સંજોગો તરફ ઢસડાઈ ગયેલો હોવાથી પોતાને પોતાનાં વિકાસ માટે અયોગ્ય લાગે તો દેહત્યાગ કરે છે. પૃ.૩૨૨

૪ આત્મા ઈચ્છે કે બધું જ એક જ ફટકામાં સાફ થઈ જાય તો કપરી પરિસ્થિતિમાંથી સુધરી પાર પડે છે. પૃ.૩૨૩

૫ એક મજબૂત સંકલ્પશક્તિ સિવાય તે કરવું મુશ્કેલ છે. એક નાનો વિજય તેનું (આત્મહત્યાનાં ઘડતરનાં દુષ્પરીણામોને) વિર્સજન કરી શકે છે. પૃ.૩૨૪

૬ કર્મ ઉપર વિજય મેળવી પ્રભુકૃપામાં તેનો લય કરવાથી તે સફાઈનું કામ કરી શકે છે. પૃ.૩૨૫

૮ એક વખત એવું મનાતું કે કર્મોનાં ફળ ભોગવટાથી જ નષ્ટ થાય છે પણ તે કર્મોને શુદ્ધ કર્મો મારફતે ખલાસ કરી શકાય છે અને કર્મનાં ફળોનું રૂપાંતર થઈ શકે છે. પૃ.૩૨૫

૯ અતિમનસ-શક્તિથી આ બધાં પગલાં વગર પણ મુક્તિ મેળવી શકાય છે. પૃ.૩૨૫

## મહાપુરુષોનાં ચમત્કારો

૧ સંતપુરુષો મૃત્યુ પામ્યાં બાદ તેનું શરીર અદૃશ્ય થઈ ગયું હોય; ફૂલો બની ગયું હોય આ બનાવોનો સંતપણા સાથે સંબંધ નથી. પૃ.૩૨૫

૨ માધ્યમ બનેલી વ્યક્તિ બંધ બારણાં અને જાડી દિવાલની આરપાર પસાર થઈ જાય છે. પૃ.૩૨૬

૩ આ બધી પવિત્રતાની નિશાની નથી પણ પ્રાણમય-પુરુષની ક્ષમતાઓ છે. પૃ.૩૨૬

૪ મહાન વ્યક્તિઓ માટે ઘણાં પ્રકારની વાતો શરૂ થતી હોય છે. પૃ.૩૨૬

## યોગમાં મુશ્કેલીઓ : પ્રભુકૃપાનું ચિહ્ન

૧ સત્યના માર્ગે અનુસરણ કરનારને દુરિચ્છાનાં બળોનો સામનો કરવો જ પડશે. પૃ.૩૨૭

૨ લોકો કહે છે તેથી નિરાશ ન થાઓ. પૃ.૩૨૭

૩ દિવ્ય-પ્રભુની ચેતનાએ અને કૃપાએ તમારો યોગનો સંકલ્પ ગંભીર રીતે હાથમાં લીધો છે તેનું તે ચિહ્ન છે. પૃ.૩૨૭

૪ તમારી અંદરની નબળાઈઓ તમને દર્શાવી તે માટે પ્રભુકૃપાનો આભાર માનો. પૃ.૩૨૭

૫ પ્રશંસા મેળવવા યોગ નથી, નથી માન મેળવવા. તમારા સ્વરૂપની તે અનિવાર્ય જરૂરિયાત છે.પૃ.૩૨૮

૬ તમારો રૂપાંતરિત થવાનો પ્રયત્ન અને દિવ્ય-પ્રકાશમાં ઉદ્‌ભવ પામવું એ તમારી સચ્ચાઇની નિશાની છે. પૃ.૩૨૮

❖

## કર્મફળનો ભોગવટો

આપણું 'પ્રારબ્ધ' એટલે ગત-જન્મનાં સંસ્કારો જે આ જન્મે ફળ આપવાં પ્રવૃત્ત થયાં છે. સંચિત કર્મ એટલે જે હજી પરીણામ આપવા પ્રવૃત્ત થયાં નથી. તે

અને ક્રિયમાણ કર્મ એટલે જે કર્મો આ વર્તમાન ક્ષણે પરીણામ આપી રહ્યાં છે તે. આ બધાં જ કર્મોનો પોતાની ચેતનાનાં વિકાસમાં ઉપયોગ કરીને ભોગવી લેવા એ જ સાચો ઉપાય છે.

ઘણી વખત બાલમરણ થાય છે અથવા વ્યક્તિ આત્મહત્યા કરી અકાલ મૃત્યુ વહોરે છે. આમાંનું બીજું ઘોરકર્મ છે. આનું બાહ્ય કારણ જુદું-જુદું હશે પણ આધ્યાત્મિક કારણ એક જ હોય છે. ચૈત્યપુરુષને પોતાની ચેતનાના નક્કી કરેલા વિકાસ માટે તેનાં જીવનના બધાં સંજોગો વિપરીત લાગે છે અને તે સંજોગો બદલાવાની શક્યતા તે ઓછો જુએ છે.

તે પ્રસંગે કોઇ મદદ આપનાર કે માર્ગદર્શન આપનાર મળી જાય અને સંજોગોમાંથી બહાર નિકળવાનો માર્ગ દર્શાવે તો જ તે ઘટના ટળે છે.

ચૈત્યપુરુષ જો આત્મહત્યા દ્વારા દેહત્યાગ કરવાનો નિર્ણય લે તો તે એક જ ફટકા દ્વારા તે બધી વસ્તુઓ સાફ કરી નાખવાનાં નિર્ણયથી જ. તેવો નિર્ણય લેવા અથવા અન્ય માર્ગ કાઢવા વ્યક્તિમાં મજબૂત સંકલ્પ-શક્તિની જરૂર પડે છે.

સકામ-કર્મ એ અહંકારનું પરીણામ છે, જ્યારે સાધક કર્તાભાવનો ત્યાગ કરીને કર્મ ઉપર વિજય પ્રાપ્ત કરે છે અને તેને પ્રભુકૃપાનાં પરીણામ તરીકે અનુભવે છે, ત્યારે જ તે કર્મનાં પરીણામોની સાફસફાઇ કરી શકે છે.

આપણે માનવ તરીકે પૃથ્વી ઉપર છીએ એ એક અમૂલ્ય તક છે. એક વખત એમ મનાતું કે કર્મનો ક્ષય ત્રણ રીતે થઈ શકે : કર્મનાં ફળોનું રૂપાંતર કરીને અર્થાત્ તે ફળને શિક્ષા તરીકે ન લેતા પ્રગતિમાં તેનો કુશળતાથી ઉપયોગ કરીને. બીજું, કર્મોનાં ફળ સામાન્ય ચેતનામાં રહીને ભોગવીને. ત્રીજું, કર્મફળની આસક્તિ ન રાખતા તે કર્મ પ્રભુને અર્પણ કરીને. પણ હવે ચોથો માર્ગ પ્રગટ થયો છે. અતિમનસ શક્તિ ઉપરનાં ત્રણે પૈકી એક માર્ગે ન જતાં પ્રભુ સાથે સીધેસીધા એકરૂપ થઈને તે કર્મો પ્રભુ જ કરે છે એવો ભાવ રાખીને તે જ પરીણામો લાવે છે. પહેલાં ત્રણ પ્રકારોમાં અહંકાર રહે છે. છેવટનાં પ્રકારમાં અહંકારની જગ્યા પ્રભુ લઇ લે છે અને વ્યક્તિનું સંચાલન કરે છે.

**મહાપુરુષોના ચમત્કારો**

મહાપુરુષોનાં ચારિત્ર્યમાં ઘણાં બધાં ચમત્કારો વર્ણવેલાં હોય છે. તેમાંના

ઘણાં સાચા, ઘણાં કાલ્પનિક હોય છે. આવા ચમત્કારો સંતો અને મહાપુરુષોનાં જીવનમાં થવાં જ જોઇએ એવો નિયમ નથી. ચમત્કાર વગર પણ મહાપુરુષ થઈ શકાય છે.

ચમત્કારો ઘણી વખત પ્રાણમય-પુરુષની ક્ષમતા પ્રગટ થવાથી થાય છે. રૂમમાં ખુરસી સાથે બાંધેલી વ્યક્તિ રૂમને તાળું અને ચોકીદાર હોવા છતાં પડખેનાં રૂમમાં મૂર્છામાં પડેલો દેખાય છે. જે વ્યક્તિ માધ્યમ છે અને પદાર્થનું વિઘટન કરી ફરી સંઘટન કરવાની ક્ષમતા રાખે છે તે આવા ચમત્કારો કરી શકે છે. આવાં ચમત્કારો પવિત્રતાની નિશાની નથી, તે ગૂઢવિદ્યાની એક ક્ષમતામાત્ર છે.

મીરાંબાઇ સદેહે દ્વારકામાં પ્રભુની મૂર્તિમાં પ્રવેશી ગયાં. આનો અર્થ તેમણે દ્વારકાધીશના સાંનિધ્યમાં દેહત્યાગ કર્યો એટલો જ છે.

**યોગમાં મુશ્કેલીઓ : પ્રભુકૃપાનું ચિહ્ન**

તમે સત્યમાર્ગ ઉપર ચાલવાનું કરો કે તરત તમારાં પ્રત્યે જાણે શંકાનો કે દ્વેષભાવનો કે વેરભાવનો ઉછાળો સંસારીઓમાં આવવા માંડે છે ! લોકો તમારા વિષે શું બોલે છે તે બહુ મન પર લેશો નહિ. તમારી સામે વિના કારણે આવો જુવાળ શરૂ થાય તો સમજજો કે પ્રભુએ તમારો યોગ કરવાનો સંકલ્પ ગંભીરતાપૂર્વક સ્વીકારી લીધેલો છે અને તમને વહેલી તકે લક્ષ્ય પ્રત્યે પહોંચાડવા માટે તમારા જીવનનાં સંજોગોને ગોઠવવાનું શરૂ થઇ ગયું છે.

પ્રભુ તમને આવી બદનામી કે અફવા દ્વારા તમારામાંની નબળાઇઓને તમારી સામે  ખૂલ્લી પાડે છે અને તેમને બદલવાની જરૂર છે એવું સૂચવે છે. લોકો તમારી પ્રશંસા કરે તે માટે આપણે યોગ કરતાં નથી. માન-પાન મળે માટે પણ કરતાં નથી, પણ તે આપણાં આત્માની અનિવાર્ય માંગ તરીકે, જરૂરિયાત તરીકે, તમને લાગે છે; તે માટે કરો છો.

તમે યોગમાર્ગથી ના ઢળો અને અડગરીતે ચાલતા રહો, તેમાં જ તમારી સાચી સચ્ચાઇ છે. તે સચ્ચાઇનું પરીણામ અંતે તમારી પ્રકૃત્તિનાં રૂપાંતરમાં અને અસીમ, દિવ્ય-પ્રકાશમય ચેતનામાં જીવન ધારણ કરવામાં જ રહેલું છે. તેવા પરીણામોની અનુભૂતિ એ તમને તમારાં સાચા માર્ગની સ્વયં ખાતરી આપશે.

# સાવિત્રી - શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# અચિતનું રૂપાંતર

પ્રકરણ-૧૫૩

(Savitri B-1, C-5, P- 75-76)

Out of the depths the world's buried secret rose;
He read the original akase kept back
In the locked archives of the spirit's crypt,
And saw the signature and fiery seal
Of Wisdom on the dim Power's hooded work
Who builds in Ignorance the steps of Light.

પ્રભુનાં સક્રિય બનેલાં સંકલ્પને કારણે અચિત્‌ના ઊંડાણમાં ધરબાઈ રહેલાં જગતને ઉત્ક્રાંત કરવાનું સત્ય જાણે જાગૃત્ત થયું. પોતાની પાર્શ્વભૂમિમાં રાખેલ પ્રભુનાં મૂળ આયોજનનો આદેશ (akase) (આ રશિયન શબ્દ છે) તેણે જાણે ફરી વાંચ્યો. તે સાચવેલ આદેશ (Akase) આત્માનાં જાણે રેકર્ડ રૂમમાં (crypt) સીલબંધ કરીને રાખેલ હતો. તેણે તેની વિગતો નોંધી અને તેની ઉપર પ્રભુની પ્રકાશથી ઝળહળતી (fiery) મહોર અને સહી છે તે પણ ચકાસી જોયું. આ એ પ્રદેશ હતો જ્યાં જ્ઞાનની શક્તિ ક્ષીણ થયેલી હતી (dim Power's) અને તે અચિત્‌નાં સર્વોત્તમ પ્રભાવ નીચે વિકસિત પ્રદેશમાં (hooded) કાર્ય કરી રહ્યો હતો. તે અંધકારમય પ્રદેશમાં (Ignorance) તે આદેશ નીચે ધરબાયેલાં પ્રકાશને ઉપર ઊઠવા માટે જાણે પગથિયાં ધીમે-ધીમે બાંધી રહ્યો હતો. તે પગથિયાં પણ મંદ-પ્રકાશમાંથી જ રચાઈ રહ્યાં હતાં.

વેદોમાં અચિત્‌માં રહેલી ચેતનાને 'કૃષ્ણ-સૂર્ય' કહે છે, જેને શ્રી અરવિંદ અહીં (dim Power) તરીકે વર્ણવે છે.

A sleeping deity opened deathless eyes:
He saw the unshaped thought in soulless forms,
Knew Matter pregnant with spiritual sense,
Mind dare the study of the Unknowable,
Life its gestation of the Golden Child.

આ જે પ્રભુનો સંકલ્પ જાગવાની પ્રક્રિયા છે તે અશ્વપતિને કેવી રીતે અનુભવાઈ તેનું ગૂઢ શાસ્ત્રાનુસાર વર્ણન શ્રી અરવિંદ કરે છે. અશ્વપતિને ત્યાં એક સૂતેલી દેવતા દેખાઈ. તેની આંખો બંધ હતી પણ તેણે અશ્વપતિનો પગરવ સાંભળીને જાણે આંખો ખોલી ! તે આંખોમાં અમર-તેજ હતું તેણે જાણે આદેશની જાગૃતિને સંમતિ આપી. આ શેષશાયી નારાયણની જાણે અનુભૂતિ હતી !

માતાજી પોતે જ્યારે મીસેસ થીઓ સાથે ગૂઢ-વિદ્યાઓનો અભ્યાસ કરતાં હતાં ત્યારે તેમને પણ આવો જ અનુભવ થયેલો. મીસેસ થીઓને પણ આવો જ અનુભવ થયેલો. શ્રી અરવિંદ પણ તે જ અનુભૂતિનો ઉલ્લેખ કરી રહ્યાં છે.

ભારતીય પરંપરામાં ક્ષીરસાગરમાં પોઢેલા ભગવાન વિષ્ણુની કલ્પના છે. પાદસેવા કરતાં લક્ષ્મીસ્વરૂપે તેમની સેવા કરવાં પ્રકૃત્તિ તૈયાર જ હોય છે એ તેનો સંકેત છે. શેષ એટલે બાકીનો ભાગ. પરમપ્રભુ પોતે ઊર્ધ્વચેતનામાં પ્રગટ અને જાગૃત છે પણ તેમનો અચેતનમાં પ્રવેશેલો 'બાકીનો છેડો' અર્થાત્‌ શેષ સુપ્ત અને આચ્છાદિત છે - શયન કરતાં વિષ્ણુ એ પ્રભુનાં જગત નિર્મિતના સંકલ્પની સુપ્ત અવસ્થાનું પ્રતીક છે.

આ શેષશાયી નારાયણે પોતાની ચેતનાએ જાણે એક આકાર ધારણ કરેલ છે તેમાં અસ્પષ્ટ રીતે રચતા પણ નિશ્ચિત આકાર ન લીધેલાં વિચારને જોયો (unshaped thought) તે વિચારને જોતાં જ ભગવાન નારાયણે જાણ્યું કે હવે પાર્થિવ તત્ત્વમાં સર્ગનું બીજ રોપાઈ ગયું છે. જાણે પાર્થિવતત્ત્વે ગર્ભાધાન કરેલ છે, પણ આ ગર્ભાધાન આધ્યાત્મિક રીતે વિકાસ પામવાનું હતું (spiritual

sense) ભગવાન નારાયણને જણાયું કે હવે મનસતત્ત્વે પેલાં અજ્ઞાત પરમતત્ત્વને જાણવાનું સાહસ આરંભ્યું છે અને જીવનનાં અંકુરો આ અચિત્‌માં પ્રગટ થઈ રહ્યાં છે. તે ગર્ભસ્થ દિવ્ય બાળકની હાલચાલો (gestation) છે. તે દિવ્ય બાળક, સુવર્ણપ્રકાશનું બનેલું હતું અર્થાત્ અચિત્‌માં રહેલ અતિમનસનો તે અંશ હતો, જે ઉત્ક્રાંતિ માટે સક્રિય બનેલું હતું.

In the light flooding thought's blank vacancy,
Interpreting the universe by soul signs
He read from within the text of the without:
The riddle grew plain and lost its catch obscure.
A larger luster lit the mighty page.
A purpose mingled with the whims of Time,
A meaning met the stumbling pace of Chance
And Fate revealed a chain of seeing will;
A conscious wideness filled the old dumb Space.
In the Void he saw throned the Omniscience supreme.

અચેતનામાં વિચારોનું અસ્તિત્વ જ હોતું નથી ત્યાં ચેતના હોવા છતાં તેને પ્રગટ થવાનું માધ્યમ જ વિકસેલું હોતું નથી. તેથી અચિત્‌નો અવકાશ અંધારિયો લાગે છે તેમાં વળી વિચારની શૂન્યતા ખૂબ જ વધારો કરી મૂકે છે (thought's blank vacancy) આ સંકલ્પનાં જાગરણના કારણે તેમાં પ્રકાશનાં ઓળા ઉતરવા માંડ્યા છે (flooding light) આ પ્રકાશમાં આત્મતત્ત્વ પોતાનાં સંકેતો (signs) મોકલવા માંડે છે. આ સંકેતો ભાવિ જન્મનાર જગત કેવું હશે તે બાબતનાં હોય છે. અશ્વપતિએ પોતાનાં આંતરજગતમાંના આ ગૂઢ સંકેતો વાંચી સમજવા માંડ્યા પણ આ સંકેતોને લખનાર તો આ બધી વસ્તુઓથી પર છે (without) હવે જીવનની સમસ્યાઓ અને કોયડાઓનાં તેને જવાબ મળવા લાગ્યાં. તેથી તે કોયડાની જે ધ્યાનમાં આવે એવી ગૂઢ ઝાંખપ હતી (catch

obscure) તે હવે તેને સમજાવાથી તેનો સીધોસાદો અર્થ લાગવા માંડ્યો. સમગ્ર અચિત્‌માં ફેલાયેલા પ્રકાશે (larger luster) તે બધા જ સંકેતોનો ગૂઢાર્થ સમજાવી દીધો હતો. ઉત્ક્રાંતિમાં સમયે-સમયે થતી ન સમજાય એવી પ્રક્રિયાઓ (whims)ની પાછળનો ગૂઢાર્થ તેના ધ્યાનમાં આવવા લાગ્યો. પહેલા જે વસ્તુ એક અકસ્માત તરીકે ખપી જતી હતી (chance) અને સમજણ વિનાની લાગતી હતી (stumbling) તેનો જ હવે નવો અર્થ સમજાવા લાગ્યો. અત્યાર સુધી જે તેને ભાગ્યની બલિહારી લાગતી હતી તે પાછળ પ્રભુનો હેતુ (will) કામ કરતો દેખાવા લાગ્યો. સમગ્ર અચિત્‌ના સ્તબ્ધ (dumb) વિસ્તારમાં (Space) એક સભાન અસીમતા (conscious wideness) અનુભવાવા લાગી. તે પ્રકાશમય અવકાશમાં તેને પરમ ચેતના સ્થિર થયેલી અનુભવાવા માંડી.

A Will, a hope immense now seized his heart,
And to discern the superhuman's form
He raised his eyes to unseen spiritual heights,
Aspiring to bring down a greater world.
The glory he had glimpsed must be his home.

અચિત્‌ની ઘનઘોર અસંવેદનાને કારણે નિરાશ બનેલાં અશ્વપતિમાં હવે મહાન આશાનું કિરણ પ્રગટ થવા માંડ્યું (A Will, a hope immense) હવે તેને અતિમાનવનું સ્વરૂપ કેવું હશે એનો અંદાજ આવવા લાગ્યો. માનવ અને અતિમાનવ વચ્ચેનો તફાવતનો તેને અંદાજ આવ્યો. હવે તેની આંખોમાં હજી સુધી ન જોયેલી (unseen) એવી આધ્યાત્મિક ઊંચાઈઓનાં સ્વપ્નાં રચવાં લાગ્યાં. તેને એવી ઈચ્છા થઈ કે તે મહાન પરંતુ સત્ય સપનાંઓને આ ભૌતિક-જગતમાં જ નીચે ઊતારી લાવી વાસ્તવિક કરવા શક્ય છે અને તે જ તેનું કામ છે. તેને ખાતરી થઈ કે જે ઉજ્જવળ પ્રકાશમય, આધ્યાત્મિક ચેતનાનું તેને દર્શન થયું હતું, તે જ તેનું મૂળ ઉદ્‌ભવસ્થાન (home) છે અને તેણે તે સ્વરૂપને ફરી મેળવવું જ પડશે.

અશ્વપતિની સામે પોતાનાં જીવનનું લક્ષ્ય હવે ધીમે - ધીમે સાકાર થવા માંડ્યું હતું અને તે પ્રાપ્ત કરવા તે કટિબદ્ધ થયો હતો.

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# અવચેતનની કાર્યપદ્ધતિ

(ભાગ.૧, પૃ.૪૦૦-૪૦૭)

પ્રકરણ - ૨૪

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણાં બાહ્યસ્વરૂપને વંશપરંપરાનો નિયમ પ્રભાવિત કરે છે તો સૂક્ષ્મસ્વરૂપને (મન, પ્રાણને) વિશ્વપ્રકૃત્તિનો પ્રભાવ. સાધક ઘણી વખત આવા પ્રભાવને વિરોધી-શક્તિઓનો હુમલો ગણે છે. ખરેખર તો તેવું હોતું નથી. પણ વિરોધી-શક્તિઓ આવી પરિસ્થિતિનો ફાયદો જરૂર લે છે.

પૃષ્ઠસ્થ ચેતનામાંથી જ અભીપ્સા, આદર્શો, ઝંખનાઓ તેમ જ કલા, કાવ્ય અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ અને ક્ષમતાઓ આવે છે. ત્યાંથી જ દૈવીશક્તિઓ કાર્ય કરતી હોય છે.

જાગૃત્ત-ચેતનામાં ઊર્ધ્વ-ચેતના સ્થિર થયા પછી જ ત્યાંથી તે રેલાતી અવચેતનમાં પ્રવેશે છે અને તેનું રૂપાંતર કરે છે, ત્યારે જ અવચેતનનો નઠારો પ્રભાવ બંધ પડે છે. ત્યાં સુધી તો સાધકે શુભ અને શિવ-સંકલ્પોથી અવચેતનની ગતિઓને સતત ભાંગવાનો પ્રયત્ન અને તપ કરવું જ પડે છે.

આવા તપમાં એકાગ્રતા દ્વારા શરીરનાં નિશ્ચિત ભાગ ઉપર કે તેની ગતિવિધિ ઉપર શુભ સંકલ્પનાં આવર્તનો કરી તે મુજબનો ભાવ અને ખાતરી, વિશ્વાસ નિર્માણ કરવો પડે છે. તે વિશ્વાસ જ અવચેતનમાં જઈને અવચેતન દ્વારા નિશ્ચિત પરીણામો લાવે છે.

વેદોમાં અવચેતનનાં સંસ્કારો માટે પણીઓનું (લૂંટારુઓનું) પ્રતીક આપેલ છે અને આ પણિઓ અવચેતનની અંધારી ગુફામાં ભરાઈ રહે છે અને સાધના માર્ગ ઉપર ચાલતા સાધકોને લૂંટવાનું કામ કરે છે એવાં વર્ણનો જોવા મળે છે.

દિવ્ય-અવચેતન એટલે રૂપાંતર પામેલી પ્રકાશમય સ્મૃતિ એમ કહી શકાય. ભૂતકાળમાં પ્રાપ્ત કરેલી પ્રગતિને ભાવિ-પ્રગતિ માટે સંગ્રહી રાખવી એ તેનું દિવ્ય-કાર્ય છે. અવચેતન એ પરમ-ચેતનાની અચલતાનું વિકૃત સ્વરૂપમાત્ર છે. પરમ - ચેતના સ્થિર છે અને અવચેતન તેની જ સ્થિરતા બધાં જ સંસ્કારોને આપવાનો પ્રયત્ન કરે છે.

અવચેતન અંધારા પાતાળ-કૂવા જેવું છે. તેમાંનાં અવિદ્યાના સ્રોતો જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી તેનું પરીણામ નષ્ટ થવું શક્ય નથી. અવચેતનમાં ઘણી ભયજનક વસ્તુ છે જેની માનવ કલ્પના પણ કરી શકતો નથી. સ્મૃતિ એ ચિત્તની ક્ષમતા છે. અવચેતનનાં સંસ્કારો ચિત્તમાં છવાતાં જ તે સ્મૃતિરૂપે પ્રગટ થાય છે. પણ અવચેતન અને સામાન્ય-સ્મૃતિ એક જ નથી. સ્મૃતિ ચિત્તની ક્ષમતા છે. સ્મૃતિ દ્વારા ભૂલાયેલાં સંસ્કારોને જાગૃત મનમાં લાવવામાં આવે છે. ભૂલાયેલાં સંસ્કારો જે હજી સ્મૃતિની પ્રક્રિયામાં પ્રવેશ્યા જ નથી તે અવચેતન છે.

પૃષ્ઠસ્થ ચેતનાને મનોવિજ્ઞાન અવચેતન ગણે છે તે ભૂલ છે. પૃષ્ઠસ્થ - ચેતના પ્રકાશિત હોય છે. દિવ્યતાનો તેને સ્પર્શ મળેલો હોય છે. તે ચૈત્યપુરુષની સીમા ઉપર રહેલી છે પણ અવચેતન અંધકારમય છે. તેને દિવ્યતાનો સ્પર્શ નથી. તે ચૈત્યપુરુષનો પ્રભાવ પણ જ્યાં પહોંચતો નથી તેવાં અચેતનનો સીમાવર્તી પ્રદેશ છે.

પૃષ્ઠસ્થ ચેતના દરેક ભાષામાં વ્યક્ત કરેલાં ભાવો પકડીને સમજી શકે છે. તેને ભાષાની મર્યાદાનું નડતર નથી. પૃઠસ્થ ચેતના ઊર્ધ્વ-ચેતનાનાં લોક સાથે સંપર્કમાં આવી શકે છે. અવચેતન આથી વિરુદ્ધ ભાષાકીય-મર્યાદા તોડીને ભાવ પકડી શકતું નથી, કારણ તેનું નિર્માણ જાગૃત મનમાં અનુભવેલાં સંસ્કારોમાંથી થાય છે. જાગૃત મનમાં ભાષાની મર્યાદા નડવાથી તે અવચેતનને પણ નડે છે. બીજું, અવચેતન ઘણી વખત નિમ્નપ્રાણમય લોક સાથે સંપર્કમાં આવી ભયાવહ સ્વપ્નો રચી શકે છે.

અવચેતન આવો શબ્દ વેદોમાં જણાતો નથી. પણ 'સંચિત કર્મો' જેવા શબ્દો છે. 'પણિ' નિશ્ચિતરૂપે અવચેતનનો નિર્દેશ કરે છે. પુરાણોમાં પાતાળલોકનું વર્ણન છે. યોગવાશિષ્ઠયમાં યોગ્ય શબ્દ મળવાની શક્યતા છે.

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## મૂળ - સંજ્ઞાનનું સ્વરૂપ

(ઉપનિષદો, પૃ.૧૪૮-૧૫૫)

(ગતાંકથી ચાલુ)

17 Knowledge separting itself from its own working to watch and feel... this is the universal sanjnana. P. 152

18 1 can know nothing except what I myself am. P. 152

19 This presentation of oneself to self answers with successive operations of movements (1) Intensity of vibration creating regular rhythum (pulsation) which is the base of all creative formation

(2) contact of the movements of conscious being

(3) grouping of movements in to shape

(4) essential force supporting its (of grouping) continuity

(5) maintaining the form. P. 152

20 These five constituent operations are said by sankhya as five elemental conditions of substance (Tanmatra) P. 152

21 The intensity of vibration containing the meaning of the form, will be the basis of the essential hearing etc. physical sound etc. are only the most outward result. P. 153

22 This various sense will... be in the highest consciousness a complex unity. P. 153

23 But the essential sense must be capable of seizing the

secret essence of all conscious being in itself not only through the result of the operation. P. 154

24 All our workings can be no more than psychical and physical results and representations of somthing essential proper to its supreme creative out look. P. 154

25 Since it controls and constitutes, it must be aware of them but from a supreme plane (param dhama) P. 155

26 The spiritual sense of things... alone gives their being, worth and reality to the psychical and physical sense. P. 155

27 The master consciousness in us senses our sensations... for the self existent bliss which is eternal in its own immortality. P. 155

ચેતના પોતાના કાર્યથી પોતાને જુદી કરીને પાછળ ઊભી રહીને તે કાર્યને પોતે અનુભવે તે જ બધી પ્રકારનાં સંજ્ઞાનનો આધાર બની જાય છે. હું પોતે જે છું તેની સિવાય બાકી કાંઈ જાણી શકતો જ નથી. બધાં જ પ્રકારનાં સંજ્ઞાનનો સાર આ વસ્તુ છે.

ચેતનાના આંદોલનને વિવિધ ઇન્દ્રિયો વિવિધ પ્રકારે પ્રત્યાઘાત આપે છે. તેવા પ્રત્યાઘાત પાંચ પ્રકારનાં છે.

(૧) જો ચેતનાનાં આંદોલનો નિશ્ચિત તાલ રચે તો તે શબ્દ - સંવેદન તરીકે અનુભવાય છે. (૨) જો ચેતનાનાં આંદોલનના ગાઢ સંપર્કમાં આવે તો સ્પર્શ - સંવેદના રચે છે. (૩) જો ચેતનાનાં આંદોલનો નિશ્ચિત વમળો રચે તો તે તેજોમય બની તે રૂપ - સંવેદન તરીકે અનુભવાય છે. (૪) જો ચેતનાનાં આંદોલનો ઊંડા અને સતત સંવેદનો રચે છે તો તે સ્વાદના સંવેદનો તરીકે અનુભવાય છે. (૫) જો તે આંદોલનો ઘનીભૂત થાય તો તેનાં કણો ગંધના સંવેદનો રચે છે.

આ પાંચ સંવેદનોને તન્માત્રા કહેવામાં આવે છે, કારણ તેમાંથી જે પંચમહાભૂતો રચાય છે તેની તે થોડીક જ, આંશિક જ અભિવ્યક્તિ સ્વરૂપ (તન્ + માત્રાઃ) હોય છે. પંચમહાભૂતોનો અર્થ ચેતનાનાં આંદોલનોનો વેગ વધવાથી તેની ઘનીભૂતતા વધતી જાય છે અને તેમાંથી વધુને વધુ ઘનિભૂત આકાશ, વાયુ તેજ, આપ અને પૃથ્વી આ પાંચ મહાભૂતો રચાય છે.

આ બધાં જ વિવિધ સંજ્ઞાનનાં સ્વરૂપો છે તેમનાં સંયોગથી, વિશિષ્ટ રચનાથી જ વસ્તુ બાબતનું સંજ્ઞાન રચાય છે.

આપણા ભૌતિક સંવેદનો એ તો આવા સંજ્ઞાનની ફક્ત બાહ્ય અભિવ્યક્તિ સ્વરૂપ છે.

આ બધાં સંજ્ઞાનો પરમ-ચેતનામાં એકરૂપ થઈને રહે છે.

પણ સંજ્ઞાન ઈન્દ્રિયોનાં બાહ્ય કાર્ય ઉપર જ આધાર રાખતું ન હોવું જોઈએ. તેનાં કાર્યરૂપે માનસિક અને શારીરિક પરીણામો હોય છે. તે આંશિક અભિવ્યક્તિ માત્ર હોય છે.

સાચું મૂળ સંજ્ઞાન ઊર્ધ્વકક્ષાએથી બધી જ કક્ષાનાં સંજ્ઞાનોને જાણે છે, તેમનું નિયમન કરે છે. તેનાં તે ઊર્ધ્વસ્થાનને ઉપનિષદો 'પરમ્ ધામમ્' તરીકે વર્ણવે છે. તે વિષ્ણુનું વિશાળ કાર્યરૂપ છે, પણ તે સમજવા શારીરિક, પ્રાણમય મનોમય પુરુષનાં ઉપર ઊઠવું જરૂરી છે. તે જ મૂળ સંજ્ઞાન છે. આવી રીતે આપણાંમાંની પરમ-ચેતના આપણાં સંવેદનોને પોતે સંવેદે છે તેથી તે સાંભળવાનાં, સ્પર્શનાં, જોવાનાં, સ્વાદનાં, સૂંઘવાનાં પણ પાછળનાં સંવેદનોને સ્વીકારે છે, માણે છે. તે ઈચ્છા સંતોષવા નહિ, પણ પોતાનો નિજી આનંદ માણવા જેનું કોઈ કારણ નથી. આદિ કે અંત નથી. તે પોતાની અમરતામાંની સનાતનતા છે.

# વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

'મિથ' શબ્દ ઉપરથી 'મયસ્' શબ્દ પણ તૈયાર થયેલ છે.

વેદોમાં શબ્દોમાં 'મયસ્' શબ્દ વારંવાર વપરાય છે. તેનો અર્થ છે દિવ્ય આનંદ, આંતિરક શુદ્ધ સાત્ત્વિક પ્રસન્નતા.

મિત્ર જે જોડવાનું કાર્ય કરે છે તે વ્યવહારમાં જુદી - જુદી રીતે પાર પાડવામાં આવે છે - પરાણે જોડવામાં આવે છે, સમજાવટથી જોડવામાં આવે છે, પરસ્પર પ્રેમથી પોતે જ જોડાઈ જાય છે. આમાં મિત્રનો જોડવાનો પ્રકાર ત્રીજા પ્રકારનો છે. આત્મીયભાવ અથવા પ્રેમથી જોડાવાની તેમાં પ્રક્રિયા થાય છે. આ આત્મીયભાવ એટલે મયસ્.

મયસ્ ઉપરથી માયા શબ્દ આવ્યો છે, જે પરમ - પ્રભુની પોતાની દિવ્ય મૂળભૂત શક્તિ છે. પ્રેમ શુદ્ધ સ્વરૂપમાં આત્મભાવ, આત્મીયતા તરીકે પ્રગટ થાય છે. વિકૃત સ્વરૂપે આસક્તિ તરીકે. માયા શબ્દની જ આ વિવિધ અર્થ - છટા છે. મૂળભૂત રીતે માયા દિવ્ય છે. માનવી - પ્રકૃત્તિમાં તે વિકૃત થઈને આસક્તિ તરીકે પ્રગટ થાય છે. ગુજરાતીમાં મમતા માયાળુતા આ શબ્દો સારા અર્થમાં વપરાય છે. જ્યારે માયાવી આ શબ્દ વિકૃત અર્થમાં. માયાવી એટલે ધૂતારો, પણ સંસ્કૃતમાં આવા ભેદ નથી. દા.ત. 'ઈન્દ્રો માયાભિઃ પુરુરૂપો ઈયતે' (પરમ-ચેતના પોતાની દિવ્ય - શક્તિથી વિવિધ રૂપે વિલસે છે.)

પ્રેમનાં અર્થમાં આજે કામવાસનાનો પણ અંતર્ભાવ કરે છે, જ્યારે વૈદિક

ઋષિઓ 'પ્રેમ'માં પણ દિવ્ય અર્થ જ જોતા. તેમનાં મતે આપણાં સ્વરૂપમાં આત્મભાવને કારણે જે દિવ્ય - આનંદ રેલાઈ આવે છે તે જ પ્રેમ છે. સત્ - ચિત્ - આનંદમાંનાં આનંદનું સક્રિય સ્વરૂપ જ મયસ્ પ્રેમ કે માયા છે.

વેદોમાં 'મયસ્' અને 'પ્રયસ્' આ શબ્દો સાથે જ વારંવાર વપરાય છે. આંતરિક સુખને મયસ્ કહે છે. બાહ્ય સુખને પ્રયસ્. આ માટે પાછળથી બે શબ્દો આવ્યા - શ્રેયસ્ અને પ્રેયસ્. શ્રેયસ્ એટલે આત્મ - કલ્યાણકારી આનંદ આપનાર વસ્તુ, પ્રેયસ્ એટલે ભૌતિક - જીવનમાં આનંદ આપનારી વસ્તુ, પ્રેયસ્ શબ્દ 'પ્રય' ધાતુ ઉપરથી આવેલ છે, જેનો અર્થ છે બહાર જવું, વહેવું. 'પ્રયાણ' શબ્દ આ અર્થ સૂચવે છે. શ્રેયસ્‌માં 'શ્રય' ધાતુ છે જેનો અર્થ છે 'આધાર' આપવો. તેની ઉપરથી 'આશ્રય' શબ્દ આવેલો છે જેનો અર્થ સ્પષ્ટ છે.

સારાંશ, 'શ્રેયસ્' અર્થાત્ પરમ - ચેતના રૂપ બનવાનો પ્રયત્ન એ વરુણનું કાર્ય છે. જ્યારે તે એકરૂપતામાંથી પ્રગટ થતા આંતરિક આનંદને 'મયસ્'ને, આપણી પ્રકૃત્તિનાં તત્ત્વોને પરમ - ચેતના સાથે સંવાદમાં ગોઠવી ઠેઠ પાર્થિવ તત્ત્વ સુધી બહાર વહેતો કરવો એ પ્રેયસ્‌નું કામ મિત્રનું છે. વરુણના લીધે 'ભગ'ની ક્ષમતાઓ, દિવ્યભોગો પ્રગટ થવાં લાગે છે. આવી રીતે સુસ્થિર પ્રકૃત્તિનો પાયો રચવાનું કામ મિત્ર કરે છે.

મર્ત્યપ્રકૃત્તિનાં ભોગો પણ મર્ત્ય જ હોય છે. તે ક્ષણજીવી હોય છે. જ્યારે અમર - પ્રકૃત્તિનાં, દિવ્ય - પ્રકૃત્તિનાં ભોગો અમર જ હોય છે, સ્થાયી જ હોય છે.

આવી રીતે ઋત્ જે અશુદ્ધ પ્રકૃત્તિ દ્વારા છૂટુંછવાયું, વેરવિખેર, અલ્પજીવી રીતે પ્રથમ પ્રગટ થવા પ્રયત્ન કરે છે તેને મિત્ર સંઘટિત કરે છે. એક - બીજા સાથે સુસંવાદમાં ગોઠવે છે અને સ્થાયી કરે છે. મર્ત્યભોગોને દિવ્યભોગોમાં રૂપાંતરિત કરે છે. પ્રેયસ્ અને શ્રેયસ્‌નો સમન્વય સાધે છે. મયસ્ અને પ્રયસ્‌ને જોડે છે. વિશ્વામિત્ર પોતાનાં સૂક્ત ૩-૫૯-૨ માં આ વાત સ્પષ્ટ રીતે આપણને સમજાવે છે. આમ મિત્ર આત્માની પોતાની ખોજને પરિપૂર્ણતા લાવે છે. આ પરિપૂર્ણતા વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. દા.ત. પૃથ્વી - અંતરિક્ષ - આકાશ (ભૌતિક, પ્રાણિક, માનસિક જીવન)ને સંવાદમાં ગોઠવી તેમની વચ્ચેનાં અવરોધો

(રોધસી) નષ્ટ કરવા, મયસ્ પ્રયસ્‌ને જોડવાં. શ્રેયસ્ - પ્રેયસ્‌ને જોડવાં, પ્રકૃત્તિનાં દિવ્યીકરણને વ્યાપક બનાવવું, પરમ - ચેતનાનાં આનંદનું પ્રકૃત્તિમાં અવતરણ કરાવવું, આત્મપ્રભાને પ્રગટ કરવી, વગેરે. આ બધાંનાં કારણે માનવમાં એક આધ્યાત્મિક ધારણા ધરાવતી બુદ્ધિ વિકાસ પામે છે, જેને 'પ્રતિભા', 'સુમતિ' વગેરે નામોથી દર્શાવાય છે. સુમતિ એટલે આત્મતત્ત્વ ઉપર એકાગ્ર બનેલું મન ઊર્ધ્વ અથવા પ્રકાશમય મન.

મિત્રનાં વિવિધ કાર્યો વૈદિક સૂક્ત ૩-૫૯-૩માં સંક્ષેપ્તમાં નીચે મુજબ વર્ણવેલાં છે : ''દુઃખથી મુક્ત, શબ્દનાં દેવીમાં આનંદ માણતાં, પૃથ્વીની વિશાળતામાં ઘૂંટણીએ પડી નમન કરતાં, અમે અનંતનાં પુત્ર મિત્રનાં કાર્યોનાં નિયમમાં નિવાસસ્થાન પ્રાપ્ત કરીએ.'' આમાં નીચેનાં કાર્યો વર્ણવેલાં છે :

૧ મિત્રનું પ્રથમ કાર્ય છે માનવને દુઃખમાંથી હળવો કરવો. આત્મપ્રભા માણસની પ્રકૃત્તિમાં સ્થિર થતાં તે બાહ્ય-જીવન કરતાં આંતરિક-જીવનમાં સ્થિર થવા લાગે છે. તેથી તેને આંતરિક આનંદરૂપ મયસ્ પ્રાપ્ત થઈ તેનાં બાહ્ય દુઃખો હળવા થાય છે.

૨ આત્મપ્રભા એક એવું દિવ્ય માધ્યમ છે જેની દ્વારા આપણામાં રહેલ દિવ્યસંકલ્પની પ્રેરણાઓ આપણાં મનમાં દિવ્ય વિચાર તરીકે પ્રગટ થવા લાગે છે અને આપણને આંતરિક સીધે-સીધું માર્ગદર્શન મળવા લાગે છે. આવી દિવ્ય-પ્રેરણાઓને વેદો 'શબ્દ' કહે છે. તેની પ્રાપ્તિ થવી એ બીજું કાર્ય છે.

૩ આપણાં સ્વરૂપમાં શરીર, પ્રાણ, મન વિસંવાદમાં રહી આપસમાં સંઘર્ષમાં ઊતરી એકબીજાને પોતાનાં સ્વાર્થ માટે રીબાવે છે. આ વિસંવાદને મિત્ર સંવાદમાં ફેરવી નાંખે છે. તેથી શરીર દ્વારા પ્રાણ, મન સુસંવાદી રીતે પ્રગટ થવાં લાગે છે. આમ, પ્રાણમય પાર્થિવતત્ત્વ રચાય છે. જે ખરેખર આપણાં પાર્થિવ તત્ત્વનો જ વિસ્તાર છે. તેથી પાર્થિવ તત્ત્વ વિશાળ બનતું (આ કાર્ય વરુણનું છે) લાગે છે. આવી વિશાળતા જ પાર્થિવ તત્ત્વમાં આત્મપ્રભાનું અવતરણ કરાવીને શારીરિક કોષોમાં તેને ધારણ કરવાની ક્ષમતા વિકસાવે છે. શારીરિક તત્ત્વને વિશાળ કરવું એ ત્રીજું કાર્ય છે.

૩ ઋષિ પોતાને ઘૂંટણીએ પડી નમન કરતાં વર્ણવે છે. સારાંશ, મન-પ્રાણ-શરીરની પરમ-ચેતના પ્રત્યેની શરણાગતિ આમાં સૂચવવામાં આવે છે. સંવાદિતા નિર્માણ કરવાં સર્પણભાવ ઉપયોગી બને છે. પ્રકૃત્તિનાં રૂપાંતરની સમર્પણ-શરણાગતિ આ પ્રથમ શરત છે. આ મિત્રનું ચોથું કાર્ય છે.

મિત્રનું પ્રયસ્ નિર્માણ કરવાનાં કાર્યથી સૂક્ષ્મલોકમાં એક ઘટના બને છે. સ્થૂળ શરીર ત્યાગેલાં આત્માએ હજી સૂક્ષ્મશરીર ત્યાગેલું હોતું નથી. આ તબક્કો સૂક્ષ્મશરીરને જે પ્રિય લાગે તેને અનુસાર તે પોતાની આજુબાજુ એક પોતાનું કલ્પનાજગત, સ્વપ્નજગત કે મનોરાજ્ય રચે છે અને તેનો આનંદ લૂટે છે. આ કાર્ય પણ મિત્રનું છે, કારણ તે પેલાં અશરીરી આત્માને સુસંવાદમાં, આનંદમાં રહેતા શીખવે છે. આવા કલ્પનાલોકને જ લોકો સ્વર્ગ, નરકનાં નામે વર્ણવે છે.

અર્યમા જે મુક્તિ ઝંખે છે તેનો પ્રેયસ્ દ્વારા ક્રમશઃ વિકાસ કરવાનું કામ મિત્ર કરે છે. મિત્ર આ કાર્ય બે રીતે કરે છે. એક પોતાનાં સ્વભાવ ધર્મ અનુસાર સુંસંવાદ રચીને વિરોધોને સમાવીને મુક્તિ આપે છે. બીજું, વચગાળાના જીવને પસંદ એવા લોકો રચીને તેમાં તેને સુખરૂપ રહેવાનાં વિશ્રામધામ રચી આપે છે. વેદોમાં આ કાર્યો નીચે મુજબ વર્ણવેલા છે. મિત્રસ્ય ધર્માભિઃ। મિત્રસ્ય ધામભિઃ।

વૈદિક કાળમાં વરુણ અને મિત્રનાં કાર્યોને જ સાધનાની, તપની શરૂઆત ગણાવતા. 'ખં' બ્રહ્મ ઈતિ ઉપાસીત' આ આકાશ સાથેની એકરૂપતાની સાધના દ્વારા ચેતનાની વિશાળતા પ્રાપ્ત કરવી અને આત્મપ્રભાથી પોતાના શરીરને ભરી દેવાની સાધના (પૃથિવ્યાં આભરેત) એ જ દેવયાન પંથની પાયાની ઉપાસના છે. તે જ ગાયત્રી મંત્રની ઉપાસના છે.

વૈદિક કાળમાં આર્ય જાતિના પાંચ સમૂહો હતાં. જેમને 'કુળ' કહેતાં. તેમાં ભરત, યદુ વગેરે મહત્ત્વનાં હતાં. આ બધાં જ કુળો આ ઉપરોક્ત સાધના કરતાં. આમ વરુણ અંતિમ ધ્યેયનું દર્શન કરાવે છે અને મિત્ર તેને પ્રાપ્ત કરવાનો ક્રમિક માર્ગ દર્શાવે છે.

આપણાં જન્મનો હેતુ આત્મ-સાક્ષાત્કાર છે. આ મૂળભૂત કાર્યને મજબૂત ટેકો આપવાનું કામ વરુણ અને મિત્ર આ બે દેવો કરે છે. તેઓ

(અનુ.પૃ.૩૯ ઉપર)

# શ્રી અરવિન્દનાં પ્રકાશ અને દર્શન

પ્રકરણ - ૪૪

(પૃ.૧૯૦-૧૯૪)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ દિવ્ય-શક્તિ સ્વરૂપે વિવિધ બળો જ્યારે પ્રગટ થાય છે ત્યારે તે વિવિધ આકારો રચે છે. તે ભૌમિતિક આકારો અથવા અન્ય આકારો રચે છે. તંત્રમાં આનો ઊંડાણથી અભ્યાસ કરેલો છે અને તેને આધારે જ તે આ દરેક દેવતાની યંત્રની રચના કરે છે તેમાં તત્ત્વ, તેનો આકાર અને પ્રકાશરંગ મહત્ત્વનાં હોય છે.

તત્ત્વ યંત્રમાં આંકડા સ્વરૂપે દર્શાવે છે. ઘણી વખત જો તે વસ્તુઓ પ્રકાશમય મનમાં પ્રગટ થાય તો ચંદ્ર-બિંબનું રૂપ ધારણ કરે છે અને આંતરપ્રેરણાત્મક મનમાં પ્રગટ થાય તો તે તારાનો આકાર ધારણ કરે છે. અધિમનસમાં સૂર્ય તરીકે પ્રગટ થાય છે. પણ આ બાબતના નિશ્ચિત નિયમો ખૂબ જ સંકુલ પ્રકારનાં છે. સારાંશ, જગદંબા પરિસ્થિતિ. પોતાનાં કાર્યનું સ્વરૂપ, કક્ષા મુજબ વિવિધ આકારો, પ્રકાશરંગો ધારણ કરે છે.

પ્રભુનો આ પ્રકાશ આપણે પ્રાપ્ત કરવો હોય તો તેની પદ્ધતિ શ્રી અરવિન્દ દર્શાવે છે. શાંત થઈ જાઓ. વિચારો, ભાવોને શાંત કરો અને આંતરિક પ્રાર્થના અભીપ્સા દ્વારા આંતર-ચેતનામાં જાગૃત બનો. અને તે અભીપ્સા પૂર્ણ સ્થિતિમાં સ્થિર અને એકાગ્ર બની રહો. ત્યાં તમને કોઈક આંતર પ્રકાશનાં દર્શન થશે. તેને પોતે કલ્પનાથી કે સંકલ્પથી બદલવાનો પ્રયત્ન ન કરો. તમારામાં જે કાર્ય ચાલતું હશે તે મુજબનો જ તે પ્રકાશ હશે. તે પ્રભાતનાં પ્રકાશ જેવો હશે. રંગમાં નહીં પણ ખીલવણીમાં તેવો હશે.

પણ આમાં કોઈ અપેક્ષા કે પૂર્વગ્રહને સક્રિય ન થવા દેતા. માનસિક બધાં જ

પરીણામોથી મુક્ત બનીને જ આ પદ્ધતિ વિકસાવવી પડે છે.

આ પ્રક્રિયાને વેગ આપવા શ્રી માતાજી કે શ્રી અરવિન્દનાં ફોટાનો ઉપયોગ કરી શકાય છે અથવા કોઈ પણ પ્રકાશનો ઉપયોગ કરી શકાય છે.

ઘણી વખત તમને શ્રી અરવિન્દ અથવા શ્રી માતાજી ફોટામાં જીવંત થઈ નાનકડી હરકત કરતાં પણ અનુભવાશે. સ્મિત, પ્રસન્નતા, નાપસંદગી વગેરે ભાવો તેમનાં ચહેરા પર જણાશે.

આ પાછળનું કારણ એ છે કે દરેક ભૌતિક વસ્તુની પાછળ તેનાં જ સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય, ચૈત્તસિક સ્તરો પણ હોય છે. તમે જો તેનાં પ્રાણમય સ્તર તરફ ઉઘાડ અનુભવશો તો તમને ફોટામાં હાલચાલ, ક્રિયા થતી અનુભવશો. જો માનસિક સ્તર સાથે સંપર્કમાં આવશો તો તમને ફોટો સજીવ ત્રિમિતિક, વાસ્તવિક જણાશે. તમને કાંઈક જાણવા પણ મળશે.

ઘણી વખત શ્રી અરવિન્દ અને શ્રી માતાજી ફોટોમાંથી બહાર નીકળીને કોઈ કાર્ય કરતાં જણાશે. તે પણ પ્રતીકાત્મક હોય છે. દા.ત. દાદરેથી નીચે ઊતરી આવવું એટલે તેઓ તમારી ચેતનાનાં નિમ્ન પાર્થિવ સ્તરે આવીને તમારી પ્રવૃત્તિને ઘાટ આપવાનો પ્રયત્ન કરતાં હોય છે. ઘણી વખત કોઈ દેવી-દેવતાનું રૂપ લે છે. દા.ત. નટરાજ અનેક હસ્તો સાથે દેખાય તો તેઓ તમારા વિવિધ ચેતના-સ્તરોમાં એકી સાથે કાર્ય કરતા હોય છે, લીલા કરતાં અનુભવાય છે.

વિશાળ કાર્યક્ષેત્ર સૂચવવા પૃથ્વીનું પ્રતીક વાપરવામાં આવે છે. પૃથ્વીના પ્રકાશરંગ ઉપરથી તેની કઈ ચેતનામાં તે કાર્ય કરે છે તે જણાય છે. દા.ત. લાલ પ્રકાશ પાર્થિવ-તત્ત્વનો છે. કેસરી પ્રાણતત્ત્વનો, પીળો મનસ્તત્ત્વનો, લીલો પોષણનું કાર્ય દર્શાવે છે. કાળો પ્રકાશ અચેતનમાંનું કાર્ય દર્શાવે છે.

સમુદ્ર ચેતનાની વિશાળતા અને ફેલાવો, પ્રસાર દર્શાવે છે.

શ્રી અરવિન્દને કાળા પ્રકાશનાં જોવા એ શ્રી અરવિન્દનાં સ્વરૂપમાંનાં મહાકાળ શિવનાં દર્શન ગણાય છે.

આમ, ચેતના પ્રકાશરંગો, આકાર, કૃતિ, પ્રતીકો દ્વારા પ્રગટ થઈને પોતાની કક્ષા, કાર્ય દર્શાવે છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# કેન્દ્રોની ચેતનાની મુક્તિ અને પૂર્ણતા

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૫૫

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- ...... અંદર શાંતિની પ્રતિષ્ઠા દૃઢ થાય છે ત્યારે..... ઊર્ધ્વમાં રહેલી દિવ્ય શક્તિ આપણી ચેતનામાં અવતરણ કરી શકે છે. પૃ.૫૧
- ..... એ શક્તિ પ્રથમ મસ્તકમાં ઊતરે છે તથા આંતર મનનાં કેન્દ્રોને મુક્ત કરે છે. પૃ.૫૧
- ..... ત્યારપછી હૃદયનાં કેન્દ્રમાં અવતરે છે અને ચૈત્યપુરુષને તથા ઊર્મિ-પ્રધાન માનસને સંપૂર્ણપણે મુક્ત કરે છે. પૃ.૫૧
- ત્યારપછી નાભિનાં અને પ્રાણનાં કેન્દ્રોમાં ઊતરીને આંતર પ્રાણશક્તિને મુક્ત કરે છે. પૃ.૫૧
- ..... છેવટે મુલાધારમાં અને તેની પણ નીચે તે અવતરે છે અને સૂક્ષ્મ અન્નમય ચેતનાને તે મુક્ત કરે છે. પૃ.૫૧
- ..... એ શક્તિ એકી વખતે મુક્તિ અને પૂર્ણતા બંનેની પ્રાપ્તિને માટે કાર્ય કરે છે. પૃ.૫૧
- ..... આપણી પ્રકૃત્તિનાં અંગોને એક પછી એક લઈને તે તેમની મુશ્કેલીઓનો ઉકેલ લાવે છે. પૃ.૫૧
- ..... જેનો ત્યાગ કરવાનો હોય છે તેનો ત્યાગ કરે છે..... ઊર્ધ્વીકરણ કરવાનું હોય તેને ઊર્ધ્વમાં લઈ જાય છે..... સર્જન કરવાનું હોય તેને સર્જે છે.....

**આપણી પ્રકૃત્તિના તત્ત્વોને તે એક સંવાદિતામાં લાવે છે. પૃ.૫૧-૫૨**

* * * * *

શાંતિની સ્થાપના બાદ ઊર્ધ્વ શક્તિઓનાં અવતરણ અને તેના કાર્યોને શ્રી અરવિન્દ સમજાવી રહ્યાં છે.

દિવ્યશક્તિનું માનવમાં જે પ્રવેશદ્વાર છે તે છે સહસ્ત્રાર જેને બ્રહ્મ-રંધ્ર પણ કહેવામાં આવે છે. જે મસ્તકની ઉપર સ્થિર છે અને ત્યાંથી જ માનવ પોતાની રોજીંદી શક્તિઓ મેળવતો હોય છે. પરંતુ હવે વાતાવરણ સાનુકુળ હોય, દિવ્ય શક્તિઓ પોતે અવતરણ પામે છે. અને સાધકની ચેતનાનો કબજો મેળવતી જાય છે. શ્રી અરવિન્દ આ પ્રક્રિયા ખૂબ સુંદર રીતે સમજાવી રહ્યાં છે. દિવ્ય શક્તિઓનાં પ્રવેશ દ્વારો સમા ચક્રોમાં એક પછી એક ચક્રનો કબજો લઈને તેને મુક્ત અને પૂર્ણ પણ કરે છે.

માનવમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની ચેતના કાર્યરત હોય છે. સપાટી પરની ચેતના (Surface Consciousness), આંતર ચેતના (Inner Consciousness) અને દિવ્ય ચેતના (Divine Consciousness). આ ચેતનાનાં જે પુરુષો છે તે અનુક્રમે બાહ્ય-પુરુષ, એટલે કે અહંકાર, આંતર-પુરુષ અને દિવ્ય પુરુષ એટલે કે છે ચૈત્ય પુરુષ. સપાટી પરની ચેતનામાં શાંતિની સ્થાપના થતાં જ આંતર ચેતનામાં એક પ્રકારનો ઉઘાડ આવે છે, જેને કારણે તે દિવ્ય શક્તિઓને તેમનું કાર્ય કરવામાં સંમતિ આપતી જાય છે. આ સંમતિ જ દરેક ચક્રો રૂપી કેન્દ્રોમાં ઊર્ધ્વમાંની દિવ્ય-શક્તિઓને પ્રગટ કરીને સાધકને એક પ્રકારની મુક્તિ અને પૂર્ણતા બક્ષતા હોય છે.

પ્રથમ મસ્તકમાં ઊતરીને દિવ્યશક્તિ આંતર મનના કેન્દ્રો - આજ્ઞા ચક્ર (ભ્રુ મધ્યે), વિશુદ્ધિ ચક્ર (ગળામાં) - ને મુક્ત કરે છે. ત્યારબાદ તે હૃદય કેન્દ્ર (છાતીમાં મધ્યે, બે પાંસળીઓની વચ્ચે)માં રહેલ ઊર્મિમય પુરુષ અને તે પછી ચૈત્ય પુરુષમાં મુક્તિ અને પૂર્ણતા લઈ આવે છે. હૃદય કેન્દ્રમાં પ્રથમ ઊર્મિમય ચેતના હોય છે અને તેની પાછળ ચૈત્ય ચેતના હોય છે. તેથી જ સાધક જ્યારે

પોતાને ખૂબ જ ભક્તિમય અને ભાવનામય અનુભવે છે ત્યારે અચાનક તે તેની પાછળ રહેલ ચૈત્ય પુરુષના સંપર્કમાં સભાન રીતે આવે છે. આ સંપર્ક જો કે ક્ષણિક હોય છે, કારણકે દિવ્ય શક્તિઓએ હજી સુધી આ કેન્દ્રનો કબજો લીધો હોતો નથી. ઊર્મિમય ચેતનામાં ભક્તિ તીવ્રત્તમ આરોહ અવરોહ અનુભવતી હોય છે. જ્યારે ચૈત્ય ચેતનામાં ભક્તિ અને જ્ઞાન બંને સંવાદમય બનીને એક પ્રકાશમય નિશ્ચલતામાં અહર્નિશ પ્રભુને સમર્પિત હોય છે. અસ્ખલિત રીતે નદી અફાટ સમુદ્રમાં વહેતી હોય છે. જેમાં કોઈ દિવસ ઓટ આવતી નથી.

ત્યારબાદ નાભિકેન્દ્ર અને સ્વાધિષ્ઠાન (લિંગ પ્રદેશ)માં દિવ્યશક્તિઓ ઊતરીને પ્રાણ-શક્તિને મુક્ત કરે છે અને છેવટે તે મૂલાધાર (કરોડરજ્જુના છેવાડે) અવતરણ પામીને સૂક્ષ્મ અન્નમય ચેતનાને મુક્ત કરે છે અને તે પછી અવચેતનનું કેન્દ્ર (ગોઠણ) અને અચેતનાનું કેન્દ્રમાં (પગના તળીયે) ઊતરીને તેમનું રૂપાંતર કરે છે.

પ્રથમ કેન્દ્રોની ચેતનાની મુક્તિ અને પૂર્ણતા અને ત્યારબાદ પ્રકૃત્તિમાં એક પછી એક જે મુશ્કેલીઓ છે તેને સામે લાવીને તેનું નિવારણ કરે છે. જે કંઈ ત્યાગ કરવાનો હોય છે તેનો ત્યાગ કરે છે. આ સમયે સાધક ‘પરિત્યાગ’ કરતો હોય છે. જેનું ઊર્ધ્વીકરણ કરવાનું હોય છે તેનું ઊર્ધ્વગમન કરાવે છે. આ સમયે સાધક ‘અભીપ્સા’માં ઊર્ધ્વમુખી હોય છે. જે કંઈ નવું જ બનવાનું છે, જે તત્ત્વને નવા જ ઘાટ આપવાના છે તેને એક નૂતન ઘાટ આપવામાં આવે છે. આ નૂતન રચનાઓને સાધક શ્રી માંની પ્રસાદી તરીકે સ્વીકારીને તેને શ્રી માંના કાર્યમાં ‘સમર્પણ’ કરતો હોય છે. આ ત્રિવિધ પ્રક્રિયાઓ દિવ્ય શક્તિઓને આભારી હોય છે અને સાધક તો ફક્ત સંમતિ આપતો હોય છે. અને તેથી જ સાધકની પ્રકૃતિ એક મુલાયમતા અને દિવ્યતા ધારણ કરવા લાગે છે, જે સાધકના સમગ્ર અસ્તિત્વને એક પ્રકારની દિવ્ય સંવાદમયતામાં મૂકી આપે છે.

જાણે કે શ્રી માંના ‘દિવ્ય કાર્ય’ માટે ‘દિવ્ય યોદ્ધા’ને મુક્તિ અને પૂર્ણતા બક્ષવામાં આવે છે ! પોતાની અંદર શ્રી માં સાક્ષાત સાધના કરે છે તે સાધક પીછાણતો થાય છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## પ્રકરણ - ૫૨

# પાર્થિવ-રૂપાંતરની શક્યતા અને શરતો

(૧૫-૮-૨૬) (પૃ.૨૪૯-૨૫૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

| | | |
|---|---|---|
| શિષ્ય | : | ગૂંચવાઈ ગયો. તમે નિમ્ન કે ઉચ્ચ દેવોની વાત કરો છો ? |
| શ્રી અરવિન્દ | : | બધા દેવોની. |
| શિષ્ય | : | તમારાં સૂક્ષ્મ શારીરિક સત્યનો સ્વીકાર કરે તો. |
| શ્રી અરવિન્દ | : | મારા સૂક્ષ્મ શારીરિકનો સ્વીકાર તે વૈશ્વિક સ્વીકાર ન ગણાય. વૈશ્વિક - સ્વીકાર સિવાય પાયાભૂત રૂપાંતર શક્ય નથી. |
| શિષ્ય | : | તે વલણ બદલે તેની કોઈ નિશાની નથી. |
| શ્રી અરવિન્દ | : | ખાતરી લાયક નિશાની નથી. પણ મને આંતરિક ખાતરી છે. |
| શિષ્ય | : | પાર્થિવ તત્ત્વ પોતાના હાલનાં નિયમો છોડી દે તો તેને પાર્થિવતત્ત્વ કહી શકાશે ? |
| શ્રી અરવિન્દ | : | શા માટે નહીં ? |
| શિષ્ય | : | પદાર્થ તત્ત્વની પ્રકૃત્તિનાં નિશ્ચિત નિયમો છે. |
| શ્રી અરવિન્દ | : | તે નિયમો એ તેમની હાલની ટેવ માત્ર છે. ટેવો બદલાઈ શકે છે. |
| શિષ્ય | : | થોડાક માણસો આવી ટેવો સુધારે તો સમગ્ર માણસોની બદલાશે ? |
| શ્રી અરવિન્દ | : | હું બાહ્ય જડ ભૌતિક તત્ત્વની વાત નથી કરી રહ્યો. તેમાં બદલ લાવવા અમૂક વ્યક્તિ સફળ જશે અમુક નહીં. જેની તેની |

એકાગ્રતા અને સતત સાધના ઉપર તેનો આધાર છે.

શિષ્ય : તમે સમગ્ર માનવજાતના સફળતાનાં વલણની અપેક્ષા રાખો છો?

શ્રી અરવિન્દ : અલબત્ત. પણ તે મૌલિકતામાં વધારો કરશે. મૂળ પરિવર્તનમાં નહીં.

શિષ્ય : શારીરિક અને ભૌતિકમન વચ્ચે શો તફાવત છે?

શ્રી અરવિન્દ : ભૌતિક મન શારીરિક મનનો ભાગ છે (જેમ અવચેતન અચેતનનો છે તેમ)

શિષ્ય : શારીરિક એટલે શું?

શ્રી અરવિન્દ : શારીરિકમાં ચાર તત્ત્વો છે - પદાર્થ તત્ત્વ પોતે, શારીરિક પ્રાણ, શારીરિક મન અને શારીરિક - અતિમનસ. શારીરિક મન એટલે મનોમય અસ્તિત્વનો અંતિમ છેડો. તેમાં સ્વતંત્ર વિચાર નથી હોતાં પણ યાંત્રિકતા હોય છે, ઘરેડ રૂપ વિચાર હોય છે. તે જગતની શારીરિક બાજુ ઉપર પરીણામ કરે છે. તે પ્રત્યક્ષ ઈન્દ્રિયજન્ય અનુભવ ઉપર જ વિશ્વાસ રાખે છે. શારીરિક પ્રાણ એટલે જ્ઞાનતંતુમાં પ્રવાહિત થતી જીવન - શક્તિ. તે શારીરિક તત્ત્વોથી બંધાયેલી રહે છે. દા.ત. આંતરિક અવયવો અને ગ્રંથીઓ દ્વારા થતું કાર્ય. ચયાપચય ક્રિયા વગેરે. યુરોપિયનો જેને અચેતન કહે છે તે છે પ્રત્યક્ષ પદાર્થ તત્ત્વ પોતે. તેમાં અપારશક્તિ છે પણ અપ્રગટ. તેના ઉપર જ આપણી સાધનાનો મદાર છે. તે સિદ્ધ કરવું જ પડશે વહેલું કે મોડું.

શિષ્ય : પદાર્થ અને તેની શક્તિ એક જ છે?

શ્રી અરવિન્દ : તે તેની એક બાજુ છે. વૈજ્ઞાનિકો તે સ્વીકારે છે.

શિષ્ય : પરમાણુના વિભાજનથી પ્રચંડ અણુશક્તિ નિર્માણ થાય છે. અને પદાર્થમાંની અણુઓની સ્થિતિ બદલાતા જ તેના ગુણધર્મો પણ બદલાય છે. આ વૈજ્ઞાનિક લોકોની શક્તિની કલ્પના શું એ જ તમારી પણ છે?

શ્રી અરવિન્દ : સ્વરૂપ તે જ પણ તેને હું શક્તિ અને ચેતના બન્ને ગણું છું તેઓ ફક્ત શક્તિ ગણે છે તે ફેર છે.

ભૌતિક તત્ત્વ ફેરફારમાં અતિમંદ છે. તે માટે ઉત્ક્રાંતિના અસંખ્ય વર્ષો ખપી જાય છે. અને તેમાં પણ ઊર્ધ્વમાંથી દબાણ આવે તો જ શક્ય બને છે. ઊર્ધ્વમાંથી એટલે મન કે પ્રાણનું દબાણ પ્રાણતત્ત્વે જીવન-શક્તિ પ્રગટાવવા ભૌતિકતત્ત્વ ઉપર દબાણ લાવેલું ત્યારે તે પૂરેપૂરું યશસ્વી ન જ થયું. તેની અને ભૌતિકતત્ત્વ વચ્ચે જાણે સમજૂતી થઈ, સંતુલન સ્થપાયું, પ્રાણતત્ત્વે ભૌતિક મર્યાદાઓને માન્ય રાખી, પછી જ જીવન પ્રગટ થયું.

શિષ્ય : આપે કહ્યું કે દેવ-જગત સાથેનો સીધો સંબંધ આમાં મદદરૂપ થાય છે. તેમની સાથે તે સંબંધ કેવી રીતે સ્થાપવો ? શું કંઈ ઉચ્ચતર શક્તિ તે કરી આપે છે. ?

શ્રી અરવિન્દ : તમારા યુરોપિયન માનસને તમારે તે માટે ત્યાગવું પડશે. તે માટે માનવી તરીકે જગતને જોવાની ટેવ છોડી દઈને વૈશ્વિક શક્તિઓને ચેતનાશક્તિ તરીકે જોવી પડશે. તમારે પ્રાણશક્તિને સાચા દેવો માનવાની તથા તેમને ભૌતિક નિયમોની મર્યાદામાં બાંધવાના વલણથી મુક્તિ મેળવવી પડશે.

શિષ્ય : પણ ઊર્ધ્વમાં આ વલણો ત્યાગવાનો નિર્ણય તો લેવાઈ ચૂક્યો હશે ને?

શ્રી અરવિન્દ : લેવાઈ ચૂક્યો છે. ઘણા વર્ષો પહેલાં પણ તમને જાણ કરેલી નથી હોતી. તેથી તમે જૂની ઘરેડમાં જ ચાલવાનો આગ્રહ રાખો છો.

શિષ્ય : જો નિર્ણય લેવાયો હોય અને તે સફળ થવાનો જ નિર્ણય હોય તો સફળ થશે જ ને?

શ્રી અરવિન્દ : હું જાણું છું કે સફળતાનો નિર્ણય લેવાઈ ગયો છે પણ સફળતા ક્યારે ? તે હું જાણતો નથી. પ્રશ્ન એ છે કે તેમાં આપણે પ્રયત્ન

કરવો જોઈએ તેવી શરત છે. તે શરતમાં ક્યા પ્રકારના પ્રયત્નો આવે છે તે સમજી લેવાની જરૂર છે.

શિષ્ય : જો તે શરતો ન પૂર્ણ થાય તો ? શું અતિમનસ પ્રકાશ પાછો જશે ?

શ્રી અરવિન્દ : હા, ઘણી વખત તેમ જ બન્યું છે.

શિષ્ય : યુરોપિયન માનસ એટલે તમારે શું કહેવું છે ?

શ્રી અરવિન્દ : ઉત્ક્રાંતિની શરૂઆત જડ પદાર્થથી થઈ તેવું માનસ. તેમાં ફેરફાર થવો શક્ય નથી તેવું માનસ. તેની પાછળ વધારે સૂક્ષ્મ તત્ત્વો અને શક્તિઓ નથી તેવું માનસ. ચેતના મૂળભૂત પદાર્થ નથી તેવું માનસ.

હું યુરોપિયન મતને ઊતારી પાડવા માંગતો નથી. તે અંધવિશ્વાસથી બચાવવાનું કામ કરે છે. તે ઉપરાંત જ્યાં કોઈ શક્તિ માન્ય કરી છે તેને ભૌતિક કે પ્રાણમય કે માનસિક ગણવાની જ તેમની ટેવ પણ અંતરાય રૂપ છે. ચૈત્તસિક ક્ષમતાઓ, સ્વયંલેખન, પ્રેતાત્માના સંદેશ વગેરેને તેઓ દૈવી ગણવા લાગે છે.

શિષ્ય : માનવ શરીરને બદલવાની જરૂર પડશે.

શ્રી અરવિન્દ : ના પ્રથમ આંતરિક પ્રાણમય અને માનસિક બદલ થશે કાર્યશક્તિમાં તફાવત પડશે. ઉચ્ચત્તર શક્તિ પ્રત્યે ગ્રહણશીલ બનશે. તે પછી જ શારીરિક ફેરફારની જરૂર લાગશે તો કરાશે. તે કદાચ ચમત્કાર ગણાશે.

શિષ્ય : આજની વૈજ્ઞાનિક શોધો પણ ઓછી ચમત્કારીક નથી.

શ્રી અરવિન્દ : ભૌતિક મન ભૂતકાળમાં કે ભવિષ્યકાળનાં ચમત્કારોમાં માને છે પણ વર્તમાન ચમત્કારને નકારે છે. હા જો તે રોજીંદો બની જાય તો સ્વીકારી લે છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## ભાગ - ૯

# સપ્તર્ષિ અને ઋષિકુળ

**કશ્યપોડત્રિર્ભરદ્વાજો વિશ્વામિત્રેડથ ગૌતમઃ।**

**જમદગ્નિર્વશિષ્ઠશ્ચ સપ્તૈતે ઋષયઃ સ્મૃતાઃ॥**

કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ, વશિષ્ઠ, આ સપ્તર્ષિ છે.

અથર્વવેદ કશ્યપને બદલે વામદેવનો સમાવેશ કરે છે.

**અન્ય પ્રખ્યાત ઋષિઓ :**

વેદોમાં કુલ ઋષિઓ ૪૦૩ છે. તેનાં બે ભાગ પાડી શકાય છે. વ્યક્તિ તરીકે અને કુળનાં પ્રતિનિધિ તરીકે. વેદકાળમાં ઋષિઓનાં સાતકુળ પ્રસિદ્ધ હતા. જેમને સપ્તર્ષિ કહેતાઃ ગૌતમ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, જમદગ્નિ, કશ્યપ, વશિષ્ઠ અને અત્રિ. દરેક કુળમાંનાં મૂળપૂરુષે નીચેની સંખ્યા મુજબના વેદોમાં સૂક્તો લખેલાં છે.

ગૌતમ = ૪, ભારદ્વાજ - ૧૧, વિશ્વામિત્ર-૧૧, જમદગ્નિ-૨, કશ્યપ = ૧૦, વશિષ્ઠ = ૧૩, અત્રિ - ૩૮, કુલ - ૮૯ અન્ય આમનાં વંશજોએ લખેલાં છે.

આ સાત પરિવારો પૈકી ત્રણ પરિવારો મુક્ત છે. ભૃગુ, આંગિરસ અને અત્રિ. ગોપથ બ્રાહ્મણ લખે છે.

યજભૃજયત તસ્માત્ ભૃગુ સમભવત્। તસ્ય સંતપ્તસ્ય સર્વેભ્યો અંગેભ્યો રસો, અક્ષરત્ સો અંગરસઃ અભવત્। અંગરસં સન્તમ્ અંગિરા ઈત્યાચક્ષતે.

૧ ભૃગુનો પુત્ર કવિ ચ્યવન અને ઋચિક વગેરે. ઋચિકના પુત્ર જમદગ્નિ, જમદગ્નિના પુત્ર પરશુરામ.

ઋચિકના આપેલા ચરુ (યજ્ઞની પ્રસાદી ભરેલો)થી ગાથીના પત્નિ વિશ્વાને પુત્ર થયો તે દેવવ્રત (વિશ્વામિત્ર) તેનો પુત્ર શુનઃશેપ.

૨ અંગિરાના પુત્ર ઉચથ્ય અને બૃહસ્પતિ. રહુગણ બૃહસ્પતિના ચારપુત્રોઃ ભરદ્વાજ, અગ્નિ, તપૂર્મુધા અને શંયુ. ભરદ્વાજનો પુત્ર પાયુ.

ઉચથ્યના પુત્ર દીર્ઘતમસ્. તેનાં પુત્ર કક્ષીવાન. કક્ષીવાનની પુત્રી કાક્ષીવતી ઘોષા અને બે પુત્રો શબર અને સુકીર્તિ. રહુગણનો પુત્ર ગૌતમ, તેનો વામદેવ અને મોઘા. મોઘાનો મુત્ર એકદ્યુ.

૩ અત્રિના પુત્રો ભૌમ, ભૌમના અર્ચના. અર્ચનાનાં શ્યાવાશ્વ અને શ્યાવાશ્વની પુત્રી શ્યાવશ્વિ.

આમ ફક્ત ઋગ્વેદમાં જ એકાકી ઋષિઓ ૮૨ અને ઋષિકુળનાં ૪૩ મળીને કુલ ૧૨૫ ઋષિઓ છે.

કુલ પરિવાર મુજબ સૂક્ત સંખ્યા નીચે મુજબની છે. (મૂળ પુરુષનાં ૮૯, વંશજો = ૧૦૮ કુલ = ૧૯૭)

| | |
|---|---|
| આંગિરસ-૫૬ | ઐન્દ્ર - ૧૪ |
| આત્રેય - ૩૮ | વૈશ્વામિત્ર - ૧૨ |
| કાણ્વ - ૩૩ | ભારદ્વાજ - ૧૧ |
| ભાર્ગવ - ૧૪ | કાશ્યપ - ૧૦ |
| | પ્રાજાપત્ય - ૯ |
| | કુલ = ૧૯૭ |

ઋષિઓનાં અન્ય પરચૂરણ કુલ પરિવાર છે, જેમનાં નામ છે : આગ્નેય, આથર્વણ, આપ્ત્ય, કૌત્સ્ય, ગૌતમ, ગોપાયન, તાપસ, દેવોદાસ, બ્રાહ્મ, ભારત, ભૌવન, માનવ, આગત્સ્ય, યામાયન, વાતરશન, વાર્ષાગિરિ, વૈરૂત, વૈવસ્વત, સર્પ, સૌહાગ વગેરે.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

## સમગ્ર સત્ય

પ્રકરણ - ૧૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

These two position, the spiritual position and the materialistic position - each of which considers itself to be unique and exclusive - are inadequate - There is something else - a third position which is not a derivative from these two, but something to be found which will probably open the doors to total knowledge. 1962-245

In the supramental world... the more conscious you are and turned into the truth of things, the more authority you have over substance - 1958-912 & 32.

જીવન જીવવાની બે પદ્ધતિ છે. આધ્યાત્મિક સાધનાને જ મહત્ત્વ આપવાનું અને ભૌતિક જીવન બાબત ઉદાસીન અને નિષ્કાળજી રહેવું આ Spiritualist - આધ્યાત્મિક - લોકોનો દૃષ્ટિકોણ છે. બીજો છે Materialistic નો - ભૌતિક વાદીઓનો. તેઓ ભૌતિક જીવનને જ મહત્ત્વ આપે છે. આધ્યાત્મિક જીવનને અંધશ્રદ્ધા કે ભ્રમ માને છે. અને તેની તરફ દુર્લક્ષ કરે છે આ બંને દૃષ્ટિકોણ એકબીજાના વિરોધી અને તદ્દન જુદાં છે.

બંને એકાંગી જીવનને સ્વીકારે છે. બંનેનો યોગ્ય સમન્વય કરવાથી કદાચ દુષ્પરિણામો અને એકાંગી-વિકાસને ઓછો કરતાં આવશે પણ તે પણ જીવન તરફના સાચા દૃષ્ટિકોણને અપનાવતો નથી, કારણ તે પણ આધ્યાત્મિક જીવન

અને ભૌતિક જીવન તદ્દન જુદાં - જુદાં પાસાં છે એમ ગણે છે તેથી જીવન વિભાજીત અને ખંડિત લાગે છે જ્યારે જીવન તો ખરેખર એકરસ અને અખંડ છે.

સાચો દૃષ્ટિકોણ એ છે કે આધ્યાત્મિક સત્યો જ ભૌતિક જીવન દ્વારા પ્રકટ થઈ રહ્યાં છે. ભૌતિક જીવન એ આધ્યાત્મિક સત્યોની પ્રયોગશાળા છે અને જ્યાં સુધી આધ્યાત્મિક સત્યો ભૌતિક જીવનમાં પ્રકટ ન થાય ત્યાં સુધી તે અધૂરા અને અપૂર્ણ છે. શક્તિહીન અને પ્રભાવહીન છે. આ ત્રીજો દૃષ્ટિકોણ સાચો અને સર્વાંગી છે. સંપૂર્ણ જીવનને આવરી લે છે અને તેથી તે પૂર્ણ જ્ઞાનના દ્વાર ખોલી દે તેવી શક્યતા છે.

અતિમનસ જીવન આવો સર્વાંગી દૃષ્ટિકોણ સ્વીકારે છે. જીવનનાં કૃત્રિમ - ભાગો પાડતું નથી. જીવનની અને જગતની અખંડિતતા જ્યાં સુધી અનુભવાય નહિં ત્યાં સુધી અતિમનસ સત્ય મેળવવું શક્ય નથી. સંપૂર્ણ જગત, એકજ, અખંડ, સર્વવ્યાપી ચેતન તત્ત્વનું બનેલું છે અને તેની અભિવ્યતિ જીવનમાં ન થાય ત્યાં સુધી જીવન પણ સત્યાધિષ્ઠિત છે - સત્યનાં આધારે પાંગરે છે - એમ ન કહી શકાય. તેથી આ અખંડ સર્વવ્યાપી એક જ તત્ત્વને અનુભવવું અને જીવન દ્વારા પ્રકટ કરવું એ જ અતિમનસ - જીવન છે. આવા જીવનથી સાધકને જગતનાં કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ ઉપર તે અખંડ તત્ત્વ દ્વારા કામ કરતાં આવડે છે અને તેની ઉપર સંયમ અને નિયંત્રણ સ્થાપી શકે છે, વૈશ્વિક પાર્થિવતત્ત્વ ઉપર સ્વામિત્વ સ્થાપવાનો આ જ એક માર્ગ છે.

---

(અનુ.પૃ.૨૬ ઉપરથી)

## વેદ-રહસ્ય

પૂર્ણતાના આગ્રહી છે.

પ્રભુની દિવ્ય-શક્તિ સ્વરૂપ 'માયા' 'મયસ્' આ ઊર્ધ્વ દિવ્યલોકમાં પ્રગટ છે પણ તેને નિમ્ન લોકોમાં પ્રગટ કરવાનું કામ વરુણ અને મિત્ર કરે છે. જ્યાં આ આનંદ પ્રગટ હોય છે, ત્યાં તે 'સુખ' સ્વરૂપે પ્રગટ થાય છે. જ્યાં અપ્રગટ ત્યાં તે દુઃખરૂપે પ્રગટ થાય છે. તેને કાયમી સ્વરૂપે સર્વત્ર પ્રગટ કરવો એ જ સુખ-દુઃખમાંથી મુક્તિનો કાયમી અને સાચો ઉકેલ છે.

તેથી વેદોમાં ઋષિઓ સૂક્ત - ૫-૬- ૩-૨ માં જણાવે છે કે વૃષ્ટિં વાં રાધો અમૃતત્વમીમહે । ''નીચે અવતરણ કરતાં આનંદની વૃષ્ટિ અમને આનંદ અને અમરતા આપે.''

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## વિભાગ - ૨

**કેટલાક સ્પષ્ટીકરણો**

(ગતાંકથી ચાલુ)

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (૧૬) ઊર્ધ્વ પ્રશાંતિનું બાહ્ય શારીરિક અવતરણ

સાધક : બહિર્મુખ કાર્યમાં બહિર્મુખતા વધી જાય છે, કારણ સ્વરૂપનો ફક્ત બાહ્ય શારીરિક ભાગ વધુ સક્રિય બનતો હોય છે. પણ હવે કદાચિત તે બાહ્ય શારીરિક ભાગ આંતર-શારીરિકની વધુ નિકટ આવી ગયો હોવાથી બાહ્ય અંગો સક્રિય હોવા છતાં તેમાં પણ એક પ્રકારની શાંત-સ્થિરતા, આરામદાયક સ્થિતિ રચાય છે.

શ્રી અરવિન્દ : તે ખરેખર યોગ માટે જરૂરી એવી જ સ્થિતિ છે. જ્યારે મસ્તકની ઉપર પ્રશાંતિ સ્થિર થવા લાગે છે ત્યારે પ્રથમ આંતર શારીરિકમાં ઊતરી ત્યાંથી બાહ્યશારીરિકમાં પણ ફેલાય છે. (૫-૮-૧૯૩૪)

### (૧૭) સજ્જનતાનો વ્યવહાર હરેક પ્રસંગે યશસ્વી થતો નથી.

સાધક : 'ટી' એ કહ્યું કે સંઘર્ષનાં સમયમાં ઉત્તમ માર્ગ એ છે કે શાંત અને નિર્લેપ બની રહેવું, પછી ભલે સામેની વ્યક્તિ ક્રોધથી રાતીચોળ બની ગઈ હોય. મેં તે સાધિકાને કહ્યું કે બીજો પણ એક માર્ગ છે. આપણે શાંત, પ્રેમાળ સૌમ્ય હકારાત્મક વલણ અપનાવી વર્તવું. તેણે કહ્યું, ''પણ મારામાં પ્રેમભાવની વિશાળતા અને તેવું વ્યવહારિક ચાતુર્ય નથી. પણ તમે કહો છો તે ઉપાય શક્ય લાગે છે. અર્થાત્ તે માર્ગ આચરવો સહેલો તો

નથી જ. મેં વ્યવહારચાતુર્ય થોડું ઘણું વિકસાવ્યું હોવા છતાં હું 'આર' સાથે વાત કરી શકતી નથી.''

શ્રી અરવિન્દ : મને લાગે છે કે એવા પણ લોકો છે જે તમારા વ્યવહારિક ચાતુર્ય અને ભલમનસાઈનો પ્રત્યુત્તર પણ નહિ આપે. 'આર' તેવા દઢ પૂર્વગ્રહ ધરાવતી લહેરી વ્યક્તિ છે. તે કદાચ એક પ્રસંગે પ્રત્યુત્તર આપશે પણ બીજા પ્રસંગે જરા પણ નહિ આપે. અથવા જાહેરમાં ધૃણા જ દર્શાવશે.

## (૧૮) સત્યનો જ આગ્રહ રાખવો એ સાધક માટે જરૂરી

સાધક : 'એચ'ને પોતાના વર્કબુકમાં અમે કામ પતાવ્યાની સહી કરી દઈએ તેમાં વધુ રસ છે. પણ અમારાં કામની ગુણવત્તા ચકાસવામાં જરા પણ રસ નથી. સાચી વાત તો એ છે કે તે પોતાનાં હાથ નીચે કામ કરતાં ત્રણ કારીગરો સાથે ભાગ્યે જ વર્કશોપમાં હાજર હોય છે. આજે 'સી'ના કહેવાથી મેં તેના વર્કબુકમાં સહી કરીને શેરો માર્યો. 'સીમેંટ' સાથેનું મિશ્રણ મારી દેખરેખ નીચે' 'એચ'એ શેરો વાંચ્યો અને મને પૂછ્યું કે આવો શેરો તમે શા માટે માર્યો છે ? તેણે 'સી'ને કહ્યું કે તે આ શેરો ભૂંસી નાખશે અને મને જણાવશે કે મને આવો શેરો તેનાં વર્કબુકમાં મારવાનો અધિકાર જ નથી. મેં કહ્યું કે હું તો મને જે સાચું લાગે છે તે લખીશ જ.

શ્રી અરવિન્દ : જો તે પોતાની જવાબદારી પોતે ન નિભાવતા તમારી ઉપર નાંખતો હશે તો તમને તમે નિભાવેલી જવાબદારીનો શેરો મારવાનો પૂરેપૂરો અધિકાર છે. (૬-૮-૧૯૩૪)

## (૧૯) નાના માણસો માટે પણ સદ્ભાવના

સાધક : મને મારા કારીગરો જે લાકડાની વખારના ગોડાઉનની અગાશીમાં કામ કરતાં હતાં. તેમને થોડીક રાહત આપવાનો વિચાર આવ્યો. બપોરનો તડકો અસહ્ય બની ગયો હતો. મને લીંબુ - શરબત તેમને આપવાનો વિચાર આવ્યો. એક તો તેથી

કામમાં વિલંબ ન થાય, બીજું, તે મને સસ્તો પણ પડે.

શ્રી અરવિન્દ : આ રોગચાળાનાં માહોલમાં રોજના વપરાશના પાણીથી કરેલું લિંબુ-શરબત જરા ઓછું સુરક્ષિત લાગે છે. (કારીગરોના આરોગ્ય માટે પણ શ્રી અરવિન્દ કાળજી લેવાનું સૂચવે છે.)

## (૨૦) સ્વપ્નમાં આવતી વ્યક્તિઓના વિવિધ સ્ત્રોતો

સાધક : હું સવારે એક સ્વપ્નું લખી ન શક્યો. લોકો શ્રી માતાજીને પ્રણામ કરતાં દેખાયા. પણ હું પ્રણામ કરવા ગયો ત્યારે મને શ્રી માતાજીની જગ્યાએ 'એ' દેખાયા. મને લાગ્યું શ્રી માતાજી એ જોવા માગતા હતા કે શ્રી માતાજી સાથે હું 'એ'ને પણ પ્રણામ કરું છું કે નહિ. મેં શ્રી માતાજીની ઈચ્છા મુજબ 'એ'ને પણ પ્રણામ કર્યા. બહાર આવતી વખતે મને 'કે' મળ્યાં. મેં તેમને પૂછયું, ''આ બધું શું છે ? તે બોલ્યા,'' તે બધું સામાન્ય જ છે. એક દિવસ શ્રી માતાજી સાથે બીજું જ કોઈ હતું અને અમે તેમને પણ પ્રણામ કર્યા. મેં પોતે 'કે'ના સ્પષ્ટિકરણ મુજબ સમાધાન કરી લીધું. પણ મને આશ્ચર્ય થયું કે તે આવી રીતનું સ્પષ્ટીકરણ કેમ આપે છે ?''

કારણ મેં શ્રી માતાજી પાસે 'કે' ને જ બેસેલો જોયેલો.

શ્રી અરવિન્દ : સ્વપ્નમાંની વ્યક્તિ ઘણી વખત વાસ્તવિક વ્યક્તિ કરતાં થોડી જુદી લાગે છે. ઘણી વખત ખરેખર તે વ્યક્તિની જ સાચી ચેતના ચેતનાનાં અન્યસ્તરે આપણને મળે છે. કોઈક વખત કોઈ બળ કે વિચાર માનવીરૂપ ધારણ કરીને પ્રગટ થાય છે કારણ તે રૂપધારી વ્યક્તિ સાથે તેનો કોઈક પ્રકારનો સંબંધ હોય છે. (લેખકને દેખાયેલા 'કે'નો શ્રી માતાજી સાથે સંબંધિત વિચારે લીધેલું રૂપ હતું.)

## (૨૧) સુધારો ઘણી વખત બહારનો માત્ર અને આભાસી હોય છે.

સાધક : આશ્ચર્ય જનક રીતે, 'એચ'ના વર્કબુકમાં મેં મારેલા શેરાનો તેની ઉપર થોડોક પરીણામ દેખાવા માંડ્યો. તે હવે પોતાના

કારીગરો વચ્ચે આવીને બેસવા માંડ્યો. અર્થાત્ તેની તેવી અનિચ્છા સ્પષ્ટ દેખાતી હતી. મારી સાથે પણ સહજ રીતે વાતો કરવા માંડ્યો. ઘણી વખત તો પ્રેમ પણ દર્શાવતો. તેને કદાચ લાગ્યું હશે કે મને તેની બાબતમાં ગુસ્સો આવેલો છે અને તેથી મને શાંત પાડવા પ્રેમાળ વર્તન જરૂરી છે.

શ્રી અરવિન્દ : 'એચ' નો ખાસ પ્રકારનો સ્વભાવ છે, તેનું એક પાસુ ક્રૂદ્ધ અને હિંસક છે. બીજું બહારથી સ્મિતવાળું પણ વ્યવહાર ચતુર.

## (૨૨) માનવ-મનની આંતરગતિઓમાં સુધાર જરૂરી.

સાધક : જ્યારે 'આર' શ્રી માતાજીના હાથમાં સાધકને આપવા માટે એક એક ફૂલ આપતો હતો ત્યારે તે જોઈ મને અસ્વસ્થતા અનુભવાઈ. કદાચ તે મારામાં જન્મતી ઈર્ષાનું પરીણામ હોય અથવા મને 'આર'નું તે કાર્ય પોતાનું વર્ચસ્વ અને મોટાઈ દર્શાવતું લાગ્યું. મને એ ન સમજાયું કે મને શા માટે ખોટું લાગવું જોઈએ ? તે અણગમતી રીતે વર્તે તો પણ મારે ખરેખર શાંત અને નિર્લેપ રહેવું જોઈએ.

શ્રી અરવિન્દ : ના, તેની તે કામની શ્રી માતાજી પાસે માગણી નહોતી કે તે તેની મોટાઈ દર્શાવવાની ઇચ્છા પણ નથી. શ્રી માતાજીને વળીને ફૂલની ટોપલીમાંથી એક એક ફૂલ લેવાનાં શ્રમમાંથી બચાવવા તે વ્યવસ્થા ગોઠવેલ હતી. મોટા ફૂલો લેવામાં શ્રી માતાજીને વારંવાર બેઠાં - બેઠાં મોઢું ફેરવવું પડતું. તમારે 'આર' બાબતની આવી આંટી કાઢી નાખવી જોઈએ. 'આર' અત્યારે ખૂબ જ વિપરિત પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. પણ તેમાં ઘણી પ્રગતિની ક્ષમતાઓ છે. ફક્ત તે સ્વાભિમાની અને સંવેદનશીલ હોવાથી તેને કોઈ મદદ મળતી નથી. તેણે શ્રી માતાજીની કૃપાથી પોતાને બદલવો પડશે. (૭-૮-૧૯૩૪)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# સૃષ્ટિનું ભ્રામક સ્વરૂપ (૧૦૮-૧૦૯)

પ્રકરણ - ૬૦
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૦૮-૧૦૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**જનકની ક્રિયાઓ જોઈને દેવર્ષિ નારદે પણ તેને દુનિયાદારીનો અને સ્વેચ્છાચારી જીવ માન્યો હતો. જ્યાં સુધી તું આત્માને જોઈ શકતો નથી ત્યાં સુધી અમુક માણસ મુક્ત છે કે બદ્ધ છે તે તું કેવી રીતે કહી શકવાનો છે. (૧૦૮)**

*****

નારદ અર્ધ-દેવ હતા. પોતે અધિમનસ જગતનાં હતાં અને સ્થૂળ દેહ ધારણ કરી શકતા હતાં. તેઓએ ચૈત્યપુરુષ ધારણ કરેલો નહોતો. તેવી વિશેષતા ફક્ત પૃથ્વી ઉપર જન્મ લેનારા જીવોની છે. તેથી ચૈત્યપુરુષ વિષે જાણતા નહોતા. તેમણે એક દાસીપુત્રનાં ખોળીયાનો ઉપયોગ કર્યો હતો. જેમ કહે છે કે વિવેકાનંદના ખોળીયાનો ઉપયોગ ભગવાન શિવે કરેલો.

પૃથ્વી અતિમનસ જગતના અવતરણની તૈયારી કરી રહી છે. જ્યારે તૈયાર થશે ત્યારે પછી જે ઇચ્છતા હોય તે દેવો પણ જન્મ લઈ સામેલ થશે. ત્યાં સુધી આવા તૈયાર અને યોગ્ય ખોળીયા વાપરી સમાધાન માનશે. વસ્તુસ્થિતિ એ છે કે આત્માને ઓળખવા પોતે આત્મજ્ઞાની હોવું જરૂરી છે. નારદ પરમાત્મા બાબત સભાન હતા. પોતાનાં આત્મા-ચૈત્યપુરુષ બાબત નહિ તેથી જનકની ચૈત્યપુરુષની અવસ્થા જાણી ન શક્યા. તેઓ નીચે ઊતરી આવે અને અન્યના ચૈત્યપુરુષ અને સંપર્કમાં રહે તો જ તેઓ આ બાબતે થોડીઘણી વિગતો જાણી શકે.

(ભારતીય પરંપરાનુસાર જનક રાજાની અવસ્થા વિદેહી - અવસ્થા હતી. તેમની ચેતના શરીરની બહાર મસ્તક ઉપર દસ આંગળ સ્થિર હતી. તેથી જેમની ચેતના શરીર બહાર સ્થિર છે તેને વિદેહી કહેતા. ઘણા લોકો માને છે કે વિદેહ આ તે વખતના એક પ્રદેશનું નામ છે. જનકરાજા સહજ સમાધિમાં રહેવાથી તેઓનું આત્મતત્ત્વ બાહ્ય જીવનમાં પ્રગટ થતું ન હોવાથી દેવર્ષિ નારદ તેમને ઓળખી શક્યા નહોતા. દેવર્ષિ ઘણાં ભક્તોને પણ ઓળખી શક્યા નહોતા.)

* * *

**(૨) માણસ પોતે જે ભૂમિકા મેળવી હોય છે. તેથી ઉપરની બધી વસ્તુઓ તેને અઘરી લાગે છે. અને માણસ કોઈની મદદ વિના પ્રયત્ન કરતો હોય છે તો તે અઘરી જ હોય છે. પરંતુ માણસમાં રહેલા પ્રભુ પોતે જ્યારે કોન્ટ્રેક્ટ લઈ લે છે ત્યારે એકદમ બધું સહેલું અને સરળ બની જાય છે. (૧૦૯)**

*******

બે ત્રણ દિવસ પહેલાં માતજીએ કોઈ પ્રશ્નના જવાબમાં લખેલું કે શ્રી અરવિન્દ તે પ્રભુ જ છે. પણ પૂર્ણ નહિ. તે તેમનાં અંશ સ્વરૂપ છે, કારણ પ્રભુ તો સર્વરૂપ છે. જગતમાંની દરેક વસ્તુ પ્રભુરૂપ જ છે. છતાં દુનિયામાં પ્રભુ બાબત સભાન રહેતા લોકો ખૂબ જ અલ્પ છે. કારણ સૃષ્ટિ પોતે જ પોતાનાં પ્રભુરૂપતા બાબત અભાન છે. જ્યારે સૃષ્ટિ આ બાબતમાં સભાન બનશે ત્યારે અસત્યના અસ્તિત્વને કોઈ કારણ નહિ રહે. ત્યારે પ્રભુ પોતે જ સૃષ્ટિનાં બધાં જ સ્વરૂપોનો ફરીવાર કબજો લેશે. ત્યારે સૃષ્ટિનાં કાર્યો જે સમજવા અઘરા લાગી રહ્યાં છે. તાપદાયક, ત્રાસદાયક લાગી રહ્યાં છે તે બધું સહેલું અને આનંદદાયક બની રહેશે.

સૃષ્ટિને પોતાનું સ્વરૂપ ખબર નથી. તે હસ્તીમાં તો છે જ. તે ભ્રમ નથી પણ આપણે સમજીએ છીએ તેવી તે નથી. તેનું સાચું સ્વરૂપ પ્રગટ નથી. ભ્રામક સ્વરૂપ જ પ્રગટ છે. તેથી તે આ ભ્રામક સ્વરૂપને જ પોતાનું સાચું સ્વરૂપ સમજી બેઠી છે. આજ અજ્ઞાન અને અસત્ય છે.

# સમય સૂચક બકરી

પ્રકરણ - ૩૩

હિમાલયની તળેટીમાં ભરવાડની બકરીઓ ચરવા આવે અને સાંજ પડે પાછી ઘેર પહોંચી જાય. એક દિવસ શિયાળનું એક જોડું ત્યાં આવી પહોંચ્યું. હૃષ્ટપુષ્ટ બકરીઓ જોઈ તેમનાં મોઢામાં પાણી છૂટ્યું. પણ શિયાળ - પત્નીએ કહ્યું, ''બીજા બકરાઓને ખબર ન પડે તેમ એક એકનો શિકાર કરશો તો લાંબો વખત ખોરાક મળશે.'' શિયાળને વાત સાચી લાગી.

તે રોજ છૂટી છવાઈ બકરીનો શિકાર કરતાં. આમ કરતાં - કરતાં એક જ બકરી બચી. તેને ચરવા જવામાં ભય લાગ્યો. તેથી શિયાળો ને ભૂખ્યાં રહેવાનો વારો આવ્યો. શિયાળે પત્નીને કોઈ યુક્તિ લડાવવા કહ્યું.

શિયાળ - પત્ની બકરી પાસે પહોંચી ગઈ, બોલી, ''જુઓ ના પાડી તોય તેમણે બકરીઓ મારી. હવે ભોગવે છે પોતાના પાપનાં ફળ. મરણ - પથારીએ પડ્યાં છે. હું પણ તેમનાં વતી તમારી માફી માંગવા આવી છું. મને માફ કરો. આપણે બન્ને પાકી બહેનપણી બની જઈએ.''

બકરી ભોળવાઈ ગઈ. બોલી, ''જાગ્યા ત્યારથી સવાર બીજું શું'' આમ રોજ શિયાળ પત્ની બકરીને મળવા આવે સુખ-દુઃખની વાત કરી બકરીનો વિશ્વાસ જીતી લીધો.

એક દિવસ કહે, ''બેન હવે તમે એક દિવસ મારે ત્યાં આવો. બકરી ભોળવાઈને તેને ત્યાં ગઈ. શિયાળ માંદો હોવાનો ઢોંગ કરીને સૂતું હતું. બકરી ધ્યાનથી જોતી હતી. ત્યાં શિયાળે બકરી જોવા આંખ ખોલી. બકરી સમજી ગઈ. જીવ લઈને નાઠી.

શિયાળ - પત્નીએ તો પતિની ખબર લઈ નાંખી. શિયાળે બાજી સુધારી

**લેવાની વાત કરી.**

**બીજે દિવસે શિયાળ - પત્ની બકરીનાં ઘેર પહોંચી ગઈ અને આનંદથી ભેટી પડી. બોલી, ''બેના, તારા પગલા શુકનિયાળ નીકળ્યા. તેમની તબિયત સુધરવા લાગી છે.''**

**આમ જ અઠવાડિયું નીકળી ગયું. એક દિવસ શિયાળ પત્ની વિલે મોઢે બકરી પાસે આવી ભેટીને રડવા માંડી.'' ગઈ કાલે તેઓ ગુજરી ગયા. મારે તેમની અંતિમવિધિ કરવી છે. બેના તું મદદે આવને.''**

**બકરી યુક્તિ સમજી ગઈ, બોલી 'હા જરૂર આવીશ પણ ભરવાડે મારી રક્ષા માટે હવે ચાર ડાઘિયા કૂતરા રાખ્યાં છે. તે પણ સાથે આવશે અને તમને મદદ કરશે.''**

**ડાઘિયા કૂતરાઓનું નામ પડતાં જ શિયાળ પત્નીના મોતિયા મરી ગયા.**

**''વારુ બેન, મારાં બીજા પડોશીઓ પણ મદદે આવવાના છે. તમે તસદી ન લેતા.''**

**શિયાળ પત્ની તો જાય ભાગી. બકરી મંદ-મંદ હસતી હતી.**

**બીજે દિવસથી તે શિયાળની જોડી અદૃશ્ય જ થઈ ગઈ.**

---

(અનુ.પૃ.૫૦ ઉપરથી) **શ્રી અરવિન્દ આશ્રમ - તીર્થધામ**

તે કર્મ એવુંજ કર્મ છે, જે યોગની યોગિક ચેતનાનાં અને યોગશક્તિનાં પાયા ઉપર આધારીત હોય છે. આથી સાધક જે કર્મ કરે છે તે કર્મ પરમ શક્તિનાં સંકલ્પ દ્વારા ક્રિયાન્વિત થાય છે. જે દ્વારા સાધક દિવ્ય જીવન જીવે છે.

શ્રી અરવિન્દ આશ્રમમાં સાધકો શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના માર્ગદર્શન મુજબ જીવન વ્યતિત કરે છે, તે પ્રમાણે આપણે અહીં શ્રી અરવિન્દ આશ્રમની બહાર આપણાં રહેઠાણ ઉપર તે જ પ્રકારે જીવન વ્યતિત કરવાનું છે. જે દ્વારા શ્રી અરવિન્દ આશ્રમ ફક્ત પોંડીચેરી પૂરતો સિમિત ન રહેતાં વિસ્તાર પામી સમગ્ર જગત આશ્રમમાં રૂપંતરિત પામશે. જે દ્વારા જગત દિવ્ય જગતમાં રૂપાંતરિત પામશે. આ જ છે શ્રી અરવિન્દનો પૂર્ણયોગ. જેમાં આપણે સૌ સહભાગી બનીએ એવી અભ્યર્થના.

ૐ શાંતિ....... શાંતિ....... શાંતિ.......

# શ્રી અરવિન્દ આશ્રમ - તીર્થધામ

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિન્દ અને શ્રી માતાજીએ પોંડીચેરીમાં જે સ્થળે રહીને પૂર્ણયોગની સાધના કરી છે તે સ્થળને આપણે શ્રી અરવિન્દ આશ્રમ તરીકે ઓળખીયે છીએ. શ્રી અરવિન્દ પોંડિચેરી આવ્યાં બાદ પોતાનાં રહેઠાણને આશ્રય કહેરાવવા તૈયાર ન હતા. કારણ કે આશ્રમનો સીધો સાદો અર્થ છે, ''ગુરુ અથવા આધ્યાત્મિક ફીલ્સુફનું ઘર કે ઘરો. જેમાં ગુરુ તેમની પાસે જે કોઈ શિક્ષા પ્રાપ્ત કરવા અને સાધના કરવા આવે છે તેને આવકારે છે અને રહેવાની સગવડ આપે છે.'' આમ આશ્રમ એટલે એવી વ્યવસ્થા જ્યાં શિષ્યો ગુરુનાં આશ્રયે શિક્ષા પ્રાપ્ત કરે છે અથવા સાધના કરે છે.

વૈદિક ઋષિના સમયમાં આશ્રમની અંદર ઋષિ, ઋષી પત્ની, ઋષિના બાળકો અને ભણવા તેમજ સાધના કરવા આવતા શિષ્યો, એક જ સ્થાને રહેતા એટલે કે એક જ સંકુલમાં રહેતા.

જ્યારે આપણે શ્રી અરવિન્દ આશ્રમની મુલાકાત લઈએ ત્યારે આવું કશું આપણે અનુભવતા નથી, કારણ કે શ્રી અરવિન્દ આશ્રમનો હેતુ બીજા આશ્રમ કરતાં જુદો છે. જે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે કે :

''આવી સંસ્થા ખોલવા પાછળ સામાન્ય રીતે જે ઉદ્દેશ હોય છે તેનાથી અન્ય ઉદ્દેશ માટે આ આશ્રમને સર્જવામાં આવ્યો છે. સંસારના ત્યાગ ખાતર નહિ પણ અન્ય પ્રકારનાં અને સ્વરૂપનાં જીવનને વિકસાવવાં માટેની સાધનાના ક્ષેત્ર તરીકે આશ્રમની સ્થાપના કરવામાં આવી છે. આ વિકાસનાં અંતે ઉચ્ચત્તર આધ્યાત્મિક ચેતનાથી પ્રેરાયેલા વધારે મહાન આધ્યાત્મિક જીવનને મૂર્ત સ્વરૂપ આપી શકાશે.''

(શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ : પૃ. ૬૧)        - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દને જે સમજાવવું છે તે આપણે શ્રી અરવિન્દ આશ્રમની મુલાકાત દરમ્યાન અનુભવીએ છીએ. અહીં આ આશ્રમમાં સન્યાસીનાં એકાંત વાસ કે

ધાર્મિક સંસ્થા જેવું અનુભવાતું નથી. કારણ કે શ્રી અરવિન્દનાં પૂર્ણયોગને સંસારનાં ત્યાગ સાથે સંબંધ નથી. પરંતુ શ્રી અરવિન્દનાં પૂર્ણયોગમાં જીવનનો સ્વીકાર છે અને માનવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતરનું કાર્ય રહેલું છે. એટલે જ અન્ય મઠ કે ધાર્મિક સંસ્થા જેવી કોઈ બાહ્ય પ્રકારની વિધિ અહીં કરવામાં આવતી નથી.

આથી સ્વાભાવિક પ્રશ્ન ઉદ્ભવે કે આ આશ્રમની લાક્ષણિકતા શું છે ? આ અદ્વિતિય લાક્ષણિકતા શ્રી અરવિન્દની શિક્ષાની ખાસ વિશિષ્ટતામાંથી ઊગી આવી છે. આ લાક્ષણિકતાને શ્રી અરવિન્દનાં એક પત્ર મુજબ નીચેના શબ્દોમાં સારરૂપે રજૂ કરી શકાય એમ છે.

''અહીં જે યોગમાર્ગનું અનુસરણ કરવામાં આવે છે તેનો ઉદ્દેશ અન્ય યોગમાર્ગ કરતાં અલગ પ્રકારનો છે, - કેમકે તે સર્વ સામાન્ય અજ્ઞાની સંસારી ચેતનામાંથી બહાર નીકળી આવી ફક્ત દિવ્ય ચેતનામાં પહોંચવાનો ઉદ્દેશ ધરાવતો નથી. તે દિવ્ય ચેતનાની અતિમાનસિક શક્તિને નીચે મનના, પ્રાણના અને શરીરનાં અજ્ઞાનમાં ઊતારી લાવીને તેમનું રૂપાંતર કરવાનો; પ્રભુને અહીં અભિવ્યક્ત કરવાનો અને જડતત્વમાં દિવ્ય જીવન સર્જવાનો ઉદ્દેશ ધરાવે છે.

(શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ : પૃ. ૬૪-૬૫) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યા પ્રમાણે તેમનાં પૂર્ણયોગનો ઉદ્દેશ અન્ય યોગો કરતાં કેવી રીતે લાક્ષણિક - વિશિષ્ટ છે. તે સમજવા આપણે પ્રયત્ન કરશું. બીજા યોગોમાં આત્મા, અંતરાત્મા, ઈશ્વર, દિવ્યતા, સંપૂર્ણતા પ્રાપ્ત કરવાની સાધના કરવાની હોય છે. જ્યારે શ્રી અરવિન્દે સમજાવ્યાં મુજબ પૂર્ણયોગની સાધનાનું લક્ષ્ય ફક્ત આત્મા, અંતરાત્મા, ઈશ્વર, દિવ્યતાને પ્રાપ્ત કરવા માટે સંસારનો ત્યાગ કરવાનો નથી. પરંતુ આ પ્રાપ્તિ થાય એટલે તે સત્તાની શક્તિને માનવ જીવનમાં અવતરીત કરવાની છે. અવતરીત શક્તિ દ્વારા માનવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતર કરી દિવ્ય જીવન જીવવાનું છે.

દિવ્ય જીવનની અનુભૂતિ આપણને શ્રી અરવિન્દ આશ્રમની મુલાકાત

દરમ્યાન થાય છે. ત્યાં આપણને કોઈ સન્યાસી જોવા મળતા નથી કે અન્ય વિધિ વિધાન પણ જોવા મળતા નથી. પરંતુ પૂર્ણયોગની સાધના કરતા સાધકો મળે છે. જેઓ કોઈ પણ પ્રકારની બાહ્ય શિસ્તથી મુક્ત છે. પરંતુ આંતરિક રીતે દિવ્યતાની શિસ્ત દ્વારા જીવન વ્યતિત કરે છે.


શ્રી અરવિન્દ આશ્રમનાં સાધકની આ આંતરિક શિસ્ત એ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું માર્ગદર્શન અને તેમનો પ્રભાવ છે. આ આંતરિક શિસ્ત - સાધનામાં સાધકે ખુલ્લા થઈને પોતાની જાતનું સંપૂર્ણપણે દિવ્યશક્તિને સમર્પણ કરવાનું હોય છે. સમર્પણ દરમ્યાન જે કોઈ પરિત્યાગ કરવાનો છે, જે દ્વારા સાધક ફક્ત પ્રવૃત્તિ કરતો નથી પરંતુ પોતાની પ્રવૃત્તિને વૃત્તિમાં રૂપાંતરિત કરે છે. સાધકની પ્રવૃત્તિ રૂપાંતરિત થવાથી સાધકની પ્રકૃત્તિ પણ રૂપાંતરિત થાય છે. સાધકની રૂપાંતર પામવાની પ્રક્રિયાને આપણે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના શબ્દો દ્વારા સમજીએ.

''શ્રી અરવિન્દ આશ્રમમાં જે યોગમાર્ગનું અનુસરણ કરવામાં આવે છે તે જીવંત વસ્તુ છે, માત્ર માનસિક સિદ્ધાંત નથી કે જરૂરી વિવિધલક્ષિતાનો વિરોધ કરતી ચુસ્તપણે પકડી રાખવાની નક્કી કરેલી પદ્ધતિ નથી. શ્રી અરવિન્દે આ અંગે પોતાનાં પત્રોમાં વિગતે વાત કરી છે. 'સ્વાર્પણ અને સ્વ-ત્યાગનો સર્વ સામાન્ય સિદ્ધાંત આ યોગમાં બધાંને માટે એક સરખો લાગુ પડે છે. પરંતુ દરેકને સ્વાર્પણ અને સ્વ-ત્યાગ કરવાનો અલગ રાહ હોય છે. કેમ કે વિશ્વરૂપાંતરનું લક્ષ્ય સેવનાર આ યોગની પદ્ધતિ પણ વિશ્વ જેટલી વૈવિધ્યસભર, નમનીય, ધૈર્યવાન અને સર્વગ્રાહી જોઈએ.'' આને લીધે જ 'આ યોગની સાધના કોઈ નક્કી કરેલાં ધ્યાનનાં પ્રકાર દ્વારા કે મંત્ર દ્વારા કે અન્ય કોઈ રીત દ્વારા આગળ વધતી નથી.

(શ્રી અરવિન્દ અને તેમનો આશ્રમ : પૃ. ૬૫-૬૬) - શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દનાં પૂર્ણયોગના સાધકનું લક્ષ્ય મોક્ષ નહીં પરંતુ આંતરિક મુક્તિ છે. આ આંતરિક મુક્તિ દ્વારા સાધક બાહ્ય પ્રવૃત્તિ કરતો હોવા છતાં પણ

(અનુ. પૃ. ૪૭ ઉપર)



# શ્રી અરવિંદ

Losing the punctilio of its separate birth,
It leaves us one with Nature and with God.
In moments when the inner lamps are lit,
And the life's cherished guests are left outside,
Our spirit sits alone and speaks to its gulfs.

The Secret Knowledge - Savitri 1-4-47

## દિવ્યશક્તિઓનું અવતરણ

સ્વતંત્ર જન્મનું સુંદર અભિમાન, જ્યારે એ ત્યાગતો,
ત્યારે પ્રકૃત્તિ અને પરમાત્મા સાથે, એકાત્મતા એ સાધતો,
અને જ્યારે આંતર આત્મ-પ્રકાશનો, દીપ પ્રગટતો નિર્ધૂમ બની,
અને જીવન તણાં લાડકાં મહેમાનોને, એ બહાર રાખતો,
અને આત્મા એકાકી બેસીને, દિવ્ય-શક્તિ પ્રવાહોને ચાખતો.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - ૧.૪.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# વંદનમ્



વંદન આદરનું કાર્ય ગણ્યું, શ્રદ્ધા, સમર્પણનો પરીપાક,
અષ્ટપ્રકૃત્તિ રૂપ આઠ અંગો ગણ્યાં, અષ્ટ અંગોનાં આ સ્થાન.

આને સાષ્ટાંગ - દંડવત્ કહે, સમગ્ર પ્રકૃત્તિનો એ સમર્પણ ભાવ,
પૃથ્વી, આપ, તેજ, વાયુ ને આકાશ રૂપ પંચમહાભૂત.

તેમજ મન, પ્રાણ અહંકાર ગણ્યાં, અષ્ટ પ્રકૃત્તિ સ્વરૂપ,
પ્રકૃત્તિનું આ સમગ્ર સમર્પણ, પુરુષતાદાત્મ્યની શરૂઆત.

કૈવલ્યમાં રમતો રહે, ન કર્મ - બંધનનો વિચાર,
પુરુષ - પ્રકૃત્તિ એકરૂપ થતાં, જન્મે કૈવલ્યનો ભાવ.

કૈવલ્યધારી શરીર બને, પ્રભુકાર્યનું સાધન,
દિવ્ય-જીવનનો આવિર્ભાવ કરે, ને પરમપ્રભુનું વાહન.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત